# શ્રેષ્ઠ સુશ્રમણી વંદના



મંગળ-લીલા પ્રકાશન, અમદાવાદ.

જિનશાસનની કીર્તિગાથાનો જ્વલંત ઈતિહાસ

# શ્રેષ્ઠ શ્રમણી વંદના



જિનશાસનના અમૂલ્ય રત્નોને

કોટિ કોટિ વંદના....

"ચિંતન કરે એ સર્જક બની શકે,
વરસી શકે જે વાદળો, એ ઠંડક બની શકે,
આપી શકે જે ભોગ, એ સેવા કરી શકે,
જાતને બાળી શકે એ જ દિપક બની શકે."


## મંગળ-લીલા પ્રકાશન

અમદાવાદ

**પ્રકાશક**
**શ્રીમતી એ.પી.શાહ**
**મંગળ-લીલા પ્રકાશન**
૧, બૅંક ઑફ બરોડા સોસાયટી, કંપની પેટ્રોલ પંપની બાજુમાં,
એચ. કે. કૉમ્પ્લેક્ષના ખાંચામાં, ઋષભ ફ્લેટ સામે,
ભઠ્ઠા, વાસણા - અમદાવાદ - ૩૮૦૦૦૭
ફોન : (ઘર) ૨૬૬૧૦૪૯૩, (ઓ) ૨૭૫૪૩૪૪૦

**ટાઈપ સેટિંગ્સ :** ગણેશ ગ્રાફિક્સ, ફોન. નં. ૬૫૨૨૦૮૧૧
**પ્રિન્ટર્સ :** શ્રી નેમિનાથ ઑફસેટ ફોન. નં. ૨૫૬૨૫૦૩૫.



**મૂલ્ય : અમૂલ્ય**

**● સૌજન્ય ●**

જૈન ધર્મના તત્ત્વચિંતક ડૉ. કુમારપાળ દેસાઈની કલમે લખાયેલી જિનશાસનમાં થઈ ગયેલ મહાન વિભૂતિઓની ગૌરવગાથા મુંબઈથી પ્રકાશિત થતા જૈન પંચાગના પ્રકાશક રંજન મહેન્દ્રભાઈ શેઠ દ્વારા સૌપ્રથમ પ્રકાશિત કરવામાં આવી, તેને પુસ્તિકા સ્વરૂપે પ્રભાવના અર્થે રજૂ કરી છે, અમે તેઓના આભારી છીએ.

**આત્માની ઉન્નતિ માટેનું વાંચન...**

આત્માની ઉન્નતિ માટે જૈનશાસનના ઇતિહાસમાં સ્ત્રીઓએ સતી થવાનો નહીં પણ શ્રમણી (સાધ્વી) થવાનો માર્ગ અપનાવ્યો છે. સંસારી વૈભવ અને સુખ સંપત્તિ છોડીને ઘણી શ્રાવિકાઓએ શ્રમણી બનીને આત્માને ઉન્નત કર્યો છે.

જૈનશાસનના ચતુર્વિધ સંઘના ચાર પાયા સમાન સ્તંભોમાં શ્રાવકો, શ્રાવિકાઓ, શ્રમણો ઉપરાંત શ્રમણીઓનો સમાવેશ થાય છે. આ પુસ્તિકામાં પ્રાચીન સમયમાં થઈ ગયેલ શ્રેષ્ઠ શ્રમણીઓની ગૌરવગાથા રજૂ કરી છે. તેઓનાં સંસારી જીવનમાં બનેલી ઘટનાઓ, પૂર્વભવનું જાતિસ્મરણ, ગુરુજનોના ઉપદેશ વિગેરે બાબતો આવરી લેવામાં આવી છે.

આપણા જિનશાસનની શ્રેષ્ઠ શ્રમણીઓનું જીવનચરિત્ર અનુમોદનીય છે. તેમના જીવનની ઘણી બાબતો પૈકી થોડાંક અંશ પણ જો આપણા જીવનમાં ઉતારીએ તો આપણો આ ભવ સાર્થક નીવડે. આપણા શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે આપણા આત્માને ચોર્યાસી લાખ ફેરાઓમાંથી અને નરકની ગતિમાંથી મુક્ત કરવા આપણે શ્રેષ્ઠ શ્રમણીઓના જીવનચરિત્રનું પઠન કરીએ અને તેઓની કૃપા આપણા સૌ ઉપર રહે તેવી પરમકૃપાળુ પરમાત્માને હું પ્રાર્થના કરું છું.

**- જય જિનેન્દ્ર**

**ક્ષમાપના :** આ પુસ્તિકામાં જાણતાં-અજાણતાં શાસ્ત્ર વિરુદ્ધ જો કોઇ લખાણ છપાઇ ગયું હોય તો તે બદલ 'મિચ્છામિ દુક્કડ્‌મ.'

# અનુક્રમણિકા


૧. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી ચંદનબાળા.................... ૬

૨. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી દુર્ગંધારાણી .................... ૯

૩. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી કલાવતી...................... ૧૨

૪. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી ભદ્રામાં ...................... ૧૫

૫. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી ઋષિદત્તા ...................... ૧૮

૬. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી મલયસુંદરી.................... ૨૧

૭. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી શિયળવંતી.................... ૨૪

૮. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી રુક્મિણી ...................... ૨૭

૯. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી રુદ્રસોમા ...................... ૩૦

૧૦. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી યાકિની મહત્તરા............ ૩૩

૧૧. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી મનોરમા...................... ૩૫

૧૨. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી ધર્મલક્ષ્મી .................... ૩૮

૧૩. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી સુનંદા ........................ ૪૦
૧૪. શ્રેષ્ઠ શ્રમણી શ્રી પાહિણીમાતા ........................ ૪૩
૧૫. શ્રેષ્ઠ શ્રમણી શ્રી તરંગવતી ........................ ૪૫
૧૬. શ્રેષ્ઠ શ્રમણી શ્રી ઈશ્વરી ........................ ૪૭
૧૭. શ્રેષ્ઠ શ્રમણી શ્રી સુકુમાલિકા ........................ ૪૯
૧૮. શ્રેષ્ઠ શ્રમણી શ્રી મદનરેખા ........................ ૫૧
૧૯. શ્રેષ્ઠ શ્રમણી શ્રી પુષ્પચુલા ........................ ૫૩
૨૦. શ્રેષ્ઠ શ્રમણી શ્રી દેવાનંદા ........................ ૫૫
૨૧. શ્રેષ્ઠ શ્રમણી શ્રી મૃગાવતી ........................ ૫૭
૨૨. શ્રેષ્ઠ શ્રમણી શ્રી ભદ્રામાતા ........................ ૫૯
૨૩. શ્રેષ્ઠ શ્રમણી શ્રી આર્યા પોઈણી ........................ ૬૧
૨૪. શ્રેષ્ઠ શ્રમણી શ્રી નર્મદાસુંદરી ........................ ૬૩

# ૧ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી ચંદનબાળા

## (ચારિત્ર્ય પ્રેરણાની દીવાદાંડી)

જૈન ઇતિહાસની સોળ મુખ્ય સતીઓમાં મહાસતી ચંદનબાળા આગવું સ્થાન ધરાવે છે. ચંદનબાળા જ્ઞાનવંતી, ગુણવંતી અને તપસ્વિની હતી.

ચંપાનરેશ મહારાજ દધિવાહન અને મહારાણી ધારિણીની પુત્રી વસુમતી એટલે કે ચંદનબાળા. એમના માતા પાસેથી ત્યાગ, સહિષ્ણુતા અને ધર્મનિષ્ઠાની ઉચ્ચ ભાવનાઓ પામ્યાં હતાં. માતા ધારિણી ખુદ ઉચ્ચ વિદુષી, વિચારક અને ધર્મનિષ્ઠ સન્નારી હતા. બાળપણના સંસ્કારોને પરિણામે આત્મકલ્યાણ માટે આતુર રાજકુમારી વસુમતીએ અવિવાહિત રહેવાનો નિર્ણય કર્યો. વસુમતીના ઉચ્ચ આશયોને જાણતાં માતા-પિતાએ પુત્રીને એના વ્રતમાં દૃઢ રહેવાની સહર્ષ અનુમતિ આપી. કૌશાંબીના રાજા શતાનિકે આક્રમણ કર્યું અને ચંદનબાળાને દાસીરૂપે વેચવામાં આવી. આ સમયે ધનવાહ શેઠે ચંદનબાળાને સમુચિત મૂલ્ય આપીને વેશ્યાના હાથમાં જતી બચાવી લીધી. ચંદનબાળાનું અનુપમ સૌંદર્ય, નિષ્ઠાપૂર્ણ સેવા અને સાહજિક વિનય એવાં હતાં કે કોઇ પણ એને આદર આપે, પરંતુ પુરુષ તરફથી મળતો આવો આદર વિધિની વિચિત્રતાને કારણે દ્વેષનું કારણ બન્યા. ધનવાહ શેઠ પુત્રીની પેઠે ચંદનબાળાને રાખતા હતા.

એક વાર બહારગામ ગયેલા ધનવાહ શેઠ પાછા આવ્યા ત્યારે એમના પગ ધોવડાવવા જતાં ચંદનબાળાનો ચોટલો પડી ગયો. મેલા પાણીમાં પડતી દાસી ચંદનાના વાળની લટને અટકાવવા એને પકડી ધનવાહ શેઠ ઊંચી કરી. આ સમયે ધનવાહ શેઠની પત્ની મૂલા શેઠાણીએ આ દૃશ્ય નિહાળ્યું અને એના હૃદયમાં ઈર્ષાની આગ ભભૂકી ઊઠી. ધનવાહ શેઠ બહારગામ ગયા ત્યારે મૂલા શેઠાણીએ ચંદનાનું માથું મૂંડાવી નાખ્યું. એના પગમાં બેડીઓ નાખી એને ભોંયરામાં ધકેલી દીધી. ત્રણ દિવસ સુધી એ ભૂખી-તરસી રહી. ધનવાહ શેઠ પાછા આવ્યા. એમને સાચી પરિસ્થિતનો ખ્યાલ આવતાં એમણે તત્કાળ લુહારને બોલાવવાનો વિચાર કર્યો. આ સમયે સૂંપડામાં ઢોરને ખવડાવવા માટે અડદના બાકળા રાખ્યા હતા, તે ભૂખી ચંદનાને ખાવા આપ્યા.

ભગવાન મહાવીરે આ કૌશાંબી નગરીમાં આવ્યા પછી ઘોર અભિગ્રહ કર્યો હતો. પહેલો દ્રવ્યથી એવો અભિગ્રહ હતો કે આકારરૂપે અડદ-બાકળા સ્વીકારવા અને તે પણ સૂપડાના ખૂણામાં હોય તો જ ગ્રહણ કરવા. ક્ષેત્રથી એવો અભિગ્રહ હતો કે જેનો એક પગ ઉંબરાની અંદર અને એક પગ ઉંબરાની બહાર હોય તેની પાસેથી તે સ્વીકારવા. કાળથી એવો અભિગ્રહ હતો કે ભિક્ષા લેનારાઓનો સમય અર્થાત બપોરના ભોજનનો પસાર થઈ ગયા બાદ મળે તો સ્વીકારવું. વળી ભાવથી એવો અભિગ્રહ હતો કે એ

કોઇ રાજકુમારી હોય અને વળી તે દાસત્વને પામેલી હોય ! એના પગમાં બેડી હોય, માથું મૂંડાવેલું હોય, આંખમાં આંસુ હોય, અઠ્ઠમ તપ કર્યું હોય અને વળી એ પવિત્ર સતી સ્ત્રી હોય. આવી સ્ત્રી વહોરાવે તો જ વહોરાવું. પાંચ મહિના અને પચીસ દિવસ બાદ ભગવાન મહાવીર ચંદનબાળા પાસેથી ભિક્ષા લે છે. સહુને સચ્ચાઇનો ખ્યાલ આવે છે. એની હાથકડી અને પગની બેડીઓ તૂટી જાય છે. પહેલા એવી સુંદર કેશરાશિ થઇ જાય છે. ભગવાને જેવી ભિક્ષા ગ્રહણ કરી કે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ. રાજા શતાનીક અને મૂલા શેઠાણીએ પોતાનાં દુષ્કૃત્યો માટે ક્ષમા માગી.

ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળ્યા પછી દીક્ષિત બનેલી ચંદનબાળા ભગવાનની પ્રથમ શિષ્યા અને શ્રમણી સંઘની પ્રવર્તિની બની. માનવજાતિને યોગ્ય પથ દર્શાવતી ચંદનબાળાએ દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ કરી. દીક્ષા ગ્રહણ કર્યા પછી ભગવાન મહાવીર દ્વારા પ્રવર્તિત સાધ્વી-સંઘની પ્રથમ સાધ્વી બની અને ૩૬૦૦૦ સાધ્વીઓના સંઘની સાધ્વીપ્રમુખા બની.

卐

# ૨ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી દુર્ગંધારાણી

## (ભૌતિક સુખોની ક્ષણભંગુરતા)

એક વખત રાજા શ્રેણિક અને મંત્રી અભયકુમાર મેળામાં વેશપલટો કરીને લોકસમુદાયના વિચારો પામવાની સાથોસાથ મેળાની મોજ માણતા હતા. આ સમયે મેળો જોતી એક કન્યાએ અધીરાઈથી રાજા શ્રેણિકના હાથ પર હાથ રાખ્યો. આ સુંદર યુવતી પર રાજા શ્રેણિક મોહ પામ્યા અને એને રાણી બનાવવાનું વચન આપીને પોતાની વીંટી આપી.

આ વિલક્ષણ ઘટનાને મહામંત્રી અભયકુમારે પોતાની કુશાગ્રબુદ્ધિથી જાણી લીધી અને અંતે રાજાની ઇચ્છા હોવાથી આ યુવતી સાથે વિવાહ ઉત્સવ રચ્યો. અગાઉ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ રાજા શ્રેણિક સમક્ષ એમને વિશે કરલી ભવિષ્યવાણી સત્ય ઠરી. વાત એવી બની હતી કે એક વાર રાજા શ્રેણિક ભગવાન મહાવીરના સમવસરણમાં જતા હતા, ત્યારે સૈનિકોએ એમને કહ્યું કે નિકટમાં આવેલા વૃક્ષની નીચે અત્યંત દુર્ગંધ મારતી એક બાલિકા પડી છે. એના શરીરમાંથી નીકળતી દુર્ગંધને કારણે રસ્તે જતા લોકો પૂંઠ ફેરવી લે છે.

ભગવાન મહાવીરના સમવસરણમાં રાજા શ્રેણિકે પેલી દુર્ગંધ મારતી બાલિકાના ભૂતકાળ અને ભવિષ્યકાળને જાણવાની ઇચ્છા

વ્યક્ત કરી, ત્યારે ભગવાને કહ્યું કે પૂર્વભવમાં આ બાલિકા શાલિગ્રામના ધનમિત્રની ધનશ્રી નામની પુત્રી હતી. આ ધનશ્રીનો વિવાહ મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો હતો. આ સમયે એ નિર્ગ્રંથ સાધુ એમને ત્યાં ગોચરી અર્થે આવ્યા હતા. ધનમિત્રે એમનો આદર કરીને પોતાની પુત્રી ધનશ્રીને ગોચરી આપવા જણાવ્યું. ધનશ્રીએ ગોચરી તો આપી કિંતુ મનોમન વિચાર કર્યો કે જૈન ધર્મના તમામ સિદ્ધાંતો ઉચ્ચ કોટિના છે. માત્ર મુનિઓને સ્નાન કરવાની છૂટ આપી હોત તો કેવું સારું થાત ? મુનિનાં દુર્ગંધયુક્ત વસ્ત્રો પ્રત્યે જુગુપ્સા દાખવવાને પરિણામે થયેલા કર્મબંધને કારણે તે આ ભવમાં વેશ્યાની પુત્રી થઇ. એના શરીરમાંથી આવતી દુર્ગંધને કારણે એનું નામ દુર્ગંધા પાડવામાં આવ્યું. એ વેશ્યાએ એને નિર્જન વનમાં તરછોડી દીધી હતી.

ભગવાન મહાવીરે એ બાલિકાનું ભવિષ્ય દર્શાવતા રાજા શ્રેણિકને કહ્યું કે આ નારીનાં અશુભ કર્મોનો ક્ષય થશે અને તું રાજા શ્રેણિકને કહ્યું કે આ નારીનાં અશુભ કર્મોનો ક્ષય થશે અને તું એને પટરાણી તરીકે સ્થાન આપીશ. એ પૂર્વભંવની દુર્ગંધા જ છે, એની ઓળખ એટલી કે તારી સાથે શતરંજમાં એ જીતી જશે અને તારી પીઠ પર સવાર થઇ જશે. આ સમયે બીજી રાણીઓ પોતાનો માત્ર

છેડો પકડીને બેસી રહેશે, ત્યારે પીઠ પર સવાર થયેલી સ્ત્રી દુર્ગંધા છે એમ સમજજે.

ભગવાન મહાવીરની ભવિષ્યવાણી મુજબ જ બન્યું. રાજા શ્રેણિક શતરંજની રમતમાં પરાજિત થયા. મેળામાં મળેલી રાણી એમની પીઠ પર બેસી ગઇ. એ પછી સમય જતાં દુર્ગંધાને પૂર્વભવના કર્મબંધનનો ખ્યાલ આવ્યો અને તેથી એમાંથી મુક્તિ મેળવવા કાજે એને રાજા શ્રેણિકની અનુમતિ સાથે દીક્ષા લીધી. રાણી દુર્ગંધા સાધ્વી બનીને આચાર્યા ચંદનાના સાધ્વી સંઘમાં સંમિલિત થયાં.

સાધ્વી દુર્ગંધાનું જીવન એ દર્શાવે છે કે મુનિ વિશેનો એકાદ મલિન વિચાર કેવા-કેવા કર્મબંધ બાંધે છે. પોતાના પૂર્વજીવનની પરિસ્થિતિનો રાણી દુર્ગંધાએ ઊંડો વિચાર કર્યો અને એમાંથી સાચે માર્ગે જવાનો દૃઢ નિશ્ચય જાગ્યો. પૂર્વજીવનમાંથી પદાર્થપાઠ પામીને એણે પોતાનું વર્તમાન જીવન વિરલ એવા આત્મકલ્યાણના પંથે વાળ્યું. ભૂતકાળની મહાન ભૂલનું પ્રાયશ્ચિત એ એક વાત! પ્રાયશ્ચિતમાંથી પવિત્રતા તરફ પ્રયાણ એ બીજી વાત ! દુર્ગંધારાણીએ પૂર્વજીવનની દુઃખદ સ્થિતિઓનો વિચાર કરીને વર્તમાન જીવનને અજવાળવાનું સાહસ કર્યું. રાણીમાંથી સાધ્વી બન્યા.

卐

# 3 શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી કલાવતી

## (શીલપાલનની મહત્તા)

ઉજ્જયિની નગરીના શંખરાજાની રાણી કલાવતીના જીવનમાં શીલપાલનની મહત્તા પ્રગટ થયા છે. માલવપતિ શંખરાજાની રાણી કલાવતી ગર્ભવતી થઈ અને તેના આનંદરૂપે મહેલમાં ઉત્સવનું આયોજન થયું. આ સમયે કલાવતીના પિયરથી એક પેટીમાં ભેટરૂપે અલંકારો આવ્યા. કલાવતીના ભાઈએ આ અલંકારો મોકલ્યા હતા. આમાંથી અંધારામાં અજવાળુ પાથરે તેવા નંગજડિત કંકણ કલાવતીએ એના હાથ પર પહેર્યાં. બીજી રાણીઓને આ જોઇને ઈર્ષા જાગી. એમણે રાજાના કાન ભંભેર્યા. એમ પણ કહ્યું કે રાજાએ રાણી-રાણી વચ્ચે ભેદ પાડ્યો. આવા સુવર્ણ કંકણ ક્યાંથી આવ્યા એનું રહસ્ય સ્વયં રાજાના મનમાં ઘોળાતું હતું.

રાણી લીલાવતીએ શંખરાજાને કહ્યું કે તેઓ છુપાઈને એમની કલાવતી સાથેની વાતચીત સાંભળે. લીલાવતીએ કલાવતીને પૂછ્યું ત્યારે કલાવતીએ લાક્ષણિક રીતે કહ્યું, ‘હું જેમને અત્યંત વહાલી છું તેમણે આ કંકણ મોકલ્યા છે. મને રાત-દિવસ સદૈવ યાદ કરનારીની આ ભાવભરી ભેટ છે.’ કલાવતીએ સીધેસીધું એમ ન કહ્યું કે આ કંકણ તો એના ભાઈની ભેટ છે. આ સાંભળતાં જ શંખરાજા ક્રોધાયમાન થયા. એમને કલાવતીના શીલ પર શંકા જાગી.

શંકા અને ક્રોધને કોઇ સીમા હોતી નથી. રાજાએ વિચાર્યું કે કંકણ સહિતના કલાવતીનાં બંને હાથ કાપી નંખાવું. રથમાં બેસાડી

ગર્ભવતી કલાવતીને લઇને ચાંડાલ નીકળ્યો. રાજાએ કહ્યું કે તેઓ એને પિયર મોકલે છે, પરંતુ ઉજ્જડ ભૂમિમાં ચાંડાલે રથ ઊભો રાખ્યો. કલાવતીએ કહ્યું કે આ કંઇ મારા પિયરનો માર્ગ નથી, ત્યારે ચાંડાલે સાચી વાત કરી. કલાવતી ઊંડો આઘાત પામી. જમણો હાથ એણે જાતે છેદી નાખ્યો અને ડાબો હાથ ચાંડાલે કાપી નાખ્યો. કંકણ સહિત કાપેલા બંને હાથ લઇને ચાંડાલ રાજા પાસે હાજર થયો. કંકણ પર કલાવતીના ભાઈનું નામ જોઇને રાજાને પોતાના ઘોર અપરાધનો ખ્યાલ આવ્યો અને મૂર્છિત બની ગયો. એણે વિચાર કર્યો કે પોતે શીલવતી સ્ત્રી વિશે કેવી મોટી કુશંકા કરી ? શા માટે બંને હાથ કાપી નાખવાની નિર્દય આજ્ઞા આપી ?

પશ્ચાતાપનો અનુભવ કરતો આ રાજવી ચંદનકાષ્ઠની ચિતા રચાવીને અગ્નિસ્નાન કરવા તૈયાર થયો. પ્રજાએ રાજાને એમ કરતા અટકાવવાનો ઘણો પ્રયત્ન કર્યો. બીજી બાજુ જે સમયે ચાંડાલે કલાવતીના હાથ છેદી નાખ્યા એ સમયે જ એણે પુત્રને જન્મ આપ્યો. આ ઉજ્જડ ભૂમિમાં બાળકની કોઇ સંભાળ લેવાશે નહિં એમ વિચારીને કલાવતી આક્રંદ કરવા લાગી. એકાએક ઉજ્જડ ભૂમિમાં વૃક્ષોનું વન મહોરી ઊઠ્યું. સૂકી નદીમાં પાણી વહેવા લાગ્યું અને કલાવતીના બંને હાથ કંકણ સહિત પૂર્વવત થઇ ગયા. આ સમયે એક તાપસ આવ્યો અને એણે એકલી - અટૂલી કલાવતીને જોઇ. તાપસ કલાવતીના પિતાનો મિત્ર હતો. કલાવતીનું વૃત્તાન્ત સાંભળતાં એને પ્રચંડ ક્રોધ જાગ્યો અને વિચાર્યું કે આવો કાળો કેર કરનારા શંખરાજાના રાજમાં ઉલ્કાપાત મચાવી દઉં !

સતી કલાવતીએ તાપસને વિનંતી કરી કે તમે મારા પિતા સમાન છો. કૃપા કરીને આટલા બધા ક્રોધાયમાન ન થશો. તાપસે કલાવતીને વસવા માટે અને એના બાળકના ઉછેર માટે વિદ્યાબળથી આવાસ રચી આપ્યો. આ સમયે વનમાંથી નીકળેલા કઠિયારાએ આ જોયું એટલે એ રાજાને કહેવા દોડ્યો. અગ્નિસ્નાન કરવા જતા રાજાને અટકાવતાં મંત્રીએ એક માસની મુદત માગી હતી અને રાણીને શોધીને પાછી લાવી આપવાનું કહ્યું હતું. રાજાને જાણ થતાં એ રાણી કલાવતીને લેવા આવ્યો.

એક વાર ધર્મધુરંધર સાદુ આવતાં કલાવતીએ પોતાના જીવન પર આવી પડેલી આપત્તિની વાત કરી. સાધુએ કહ્યું કે પૂર્વજન્મમાં એ રાજુકુમારી હતી અને એણે એના બાણથી એક પંખની પાંખ છેદી નાખી હતી. એ પંખી આ જન્મમાં રાજા બન્યો. પોતાના પૂર્વભવને અને કર્મની આવી ગતિ, જાણીને રાજા અને રાણી બંનેએ નિર્મળભાવે સંયમનો માર્ગ લીધો અને સાધુતાના પાવન પંથે ચાલી નીકળ્યાં.

卐

# ૪ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી ભદ્રામાં

## (ઉદાત મહત્તાનાં દર્શન)

ધન્ય છે ભદ્રામાતા અને ધન્ય છે અરણિક મુનિને ! પુત્રની આધ્યાત્મિક પ્રગતિ ઇચ્છતી અને ભવભ્રમણમાંથી એને ઉગારવા ચાહતી માતાના ઉદાત્ત મહત્તાનાં દર્શન ભદ્રામાતાના ચરિત્રમાં થાય છે. અરણિકના માતા અને પિતાએ ભગવાનની વાણી સાંભળીને દીક્ષાનો નિર્ણય કર્યો. માતા-પિતા બંનેએ દીક્ષા લીધા બાદ પિતાએ પુત્ર અરણિકને દીક્ષા આપી. બાળ અરણિક મુનિ બન્યા, પરંતુ એના પિતા જ સંથારો પાથરવાનું કે ગોચરી વહોરી લાવવાનું કામ કરતા હતા. એમણે સંસાર છોડ્યો હતો. પરંતુ પુત્રમોહ ત્યજી શક્યા નહોતા. થોડા સમયે પિતા મુનિનો સ્વર્ગવાસ થતાં અરણિક મુનિને માથે ગોચરી વહોરવાની અને બીજાં ધર્મકાર્યોની જવાબદારી આવી. સાધુજીવનની કઠિનતાનો પ્રત્યક્ષ ખ્યાલ આવવા લાગ્યો.

એક વાર ઉનાળાના દિવસે ધોમધખતાં તાપમાં ખુલ્લા પગે અરણિક મુનિ જઇ રહ્યા હતા. ધરતી આગ ઓકતી હતી આથી મુનિ જરા વિસામો લેવા માટે એક હવેલીના ઝરૂખા નીચે શીળો છાંયડો જોઇને ઊભા રહ્યા. મનોમન સાધુજીવનની કપરી પરિસ્થિનો વિચાર કરતા હતા. એમ પણ થતું હતું કે આવું કપરું મુનિપણું જાળવી શકીશ ખરો ? આ સમયે હવેલીના ઝરૂખામાં ઊભેલી શ્રેષ્ઠીની સ્ત્રીએ મુનિરાજને જોયા. મુનિની સોમણી કાયા, તેજસ્વી ચહેરો અને સુદઢ

બાંધો જોઈને એ સ્ત્રીના ચિત્તમાં મોહવિકાર જાગ્યો. એની યુવાનીનો રંગ આ મુનિનો સંગ ઈચ્છવા લાગ્યો. સ્ત્રીએ દાસીને બોલાવીને મુનિને પોતાનું આંગણું પાવન કરવા વિનંતી કરવાનું કહ્યું. એણે કહ્યું, 'મુનિરાજ, હવેલીમાં પધારો અને મોદક ગ્રહણ કરો.' મુનિ અરણિક થાક્યા હતા. ધોમધખતો તાપ શરીરને દઝાડતો હતો. સંયમનો આવો ભાર ખેંચી શકાશે નહીં, એમ વિચારતા હતા. એવામાં આવું નિમંત્રણ આવતાં જોઈતું હતુ અને વૈદ્યે કહ્યા જેવું થયું. સુંદરીએ ઘીથી લદબદતા મોદકનું ભોજન કરાવ્યું. મુનિ મોહબંધનમાં ફસાયા અને એના આવાસમાં જ રહી ગયા. દીક્ષાનું મહાવ્રત ત્યાગીને મુનિ સંસારી બની ગયા.

જીવનમાં ચોમેર ભોગવિલાસની છોળો ઊડતી હતી. અરણિકની આંખો અને મન બંને એનાથી ઘેરાઈ ગયાં. બીજી બાજુ દીક્ષા ધારણ કરનારી અરણિકની માતા સાધ્વી ભદ્રાને આ આઘાતજનક સમાચાર મળ્યા, ત્યારે એના હૃદયમાં વલોપાતનો સાગર ઊમટ્યો. પોતાનો પુત્ર સંયમનો સાધનાભર્યો માર્ગ ત્યજીને મોહની મહા ગર્તામાં ડૂબે તે માતાનું હૃદય કઈ રીતે સહી શકે ? આથી સાધ્વી ભદ્રા અરણિકને શોધવા નીકળે છે. નગર-નગર અને ગામે-ગામ ફરે છે, ભટકે છે. એ બૂમો પાડે છે. 'ઓ મારા અરણિક ! તું ક્યાં છે ? શાને કાજે તે દીક્ષા છોડ દીધી ? એવું તે શું બન્યું કે તે મારી કૂખ લજવી ?

આમ ઠેર ઠેર ફરીને બૂમો પાડતી વૃદ્ધ સાધ્વીને પાગલ સમજીને લોકોનું ટોળું એની પાછળ દોડવા લાગ્યું. કોઈ એને કાંકરા મારે તો કોઈ એની હસી-મજાક ઉડાવે. એક દિવસ ઝરૂખામાં ઉભેલા અરણિકે વૃદ્ધ માતાના આર્ત પોકારો સાંભળ્યા અને એનું હૈયું પીગળી ગયું. હવેલીમાંથી દોડીને અરણિક નીચે આવીને માતાના પગમાં પડ્યા. માતાએ કહ્યું, 'અરે પુત્ર ! તારી આ દશા ! તેં મારી કૂખ લજવી દીક્ષા છોડીને સંસારમાં ફસાયો. કોણે તને લોભાવ્યો ?'

અરણિકે કહ્યું, 'માતા ! આ સાધનનો માર્ગ અતિ કઠિન છે. ખાંડાની ધારે જીવન ગુજારવા જેવું છે. આવો સંયમ હું પાળી શકું તેમ નથી.' અરણિકે કહ્યું તે એક જ શરતે દીક્ષા લેવા તૈયાર છે અને તે એ કે દીક્ષા લીધા પછી અનશન કરીને પ્રાણ ત્યાગશે. માતાને માટે પુત્રના પ્રાણત્યાગથી બીજો કયો પ્રજાઘાત હોય? સાધ્વી ભદ્રાને માટે પ્રાણત્યાગ કરતાં પણ દીક્ષાત્યાગ વધુ અનિષ્ટકારક હતો, આથી માતાએ કહ્યું, 'સંસાર ભોગવીને ભવોભવ તારો આત્મા નીચ ગતિમાં જાય તેને બદલે તું દીક્ષા લઈને પ્રાણત્યાગ કરે તે વધુ ઉચિત છે.'

અરણિકે ફરી દીક્ષા લીધી. અનશન કરીને કાળક્રમે કેવળજ્ઞાન પામીને સાધુ અરણિક પ્રાણત્યાગ કર્યા બાદ મોક્ષે ગયા.

卐

# ૫ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી ઋષિદત્તા

## (કઠોર તપશ્ચર્યાથી કેવળજ્ઞાન)

રાજકુમાર કનક વરરાજાના વેશમાં અમાત્યો, રાજસેવકો અને અંગરક્ષકો સાથે જંગલમાંથી પસાર થતા હતા. રસ્તામાં એમણે જોયું કે એક વૃદ્ધ તપસ્વી શિલા ઉપરક બેસીને તપ કરતા હતા અને તેની સમીપ અત્યંત સ્વરૂપવાન બાલિકા ઊભી હતી. કન્યાને જોતા જ રથમર્દનપુરના રાજા હેમરથના પુત્ર કનકકુમારને એના પ્રત્યે સ્નેહ જાગ્યો. ઋષિ હરિષેણે કહ્યુ કે એક સમયે તેઓ તાંબાવતી નગરીના રાજા હરિષેણ તરીકે પ્રસિદ્ધ હતી અને એમની પાસે એક તપસ્વીએ પ્રસન્ન થઇને આપેલી વિષહર ઔષધિ હતી. આ ઔષધિથી તેઓ સર્પદંશથી વિષગ્રસ્ત અનેક માનવીઓને વિષમુક્ત કરતા હતા. મંગલાવતી નગરીના પૃથ્વીપતિ રાજાની પુત્રી પ્રીતિમતીને સર્પદંશ થતાં રાજા હરિષેણે એને વિષમુક્ત કરી.

રાજા પૃથ્વીપતિએ જીવનદાન આપનાર રાજા હરિષેણે સાથે રાજકન્યા પ્રીતિમતીનું લગ્ન કરાવ્યું. થોડા વર્ષો બાદ મહર્ષિ વિશ્વભૂતિનો ઉપદેશ સાંભળીને રાજા હરિષેણે સંસાર અને સામ્રાજ્ય ત્યાગીને સંયમના માર્ગે જવાનું નક્કી કર્યુ. ત્યારે રાણી પ્રીતિમતી પણ માનવજીવનને સાર્થક કરવા સાધ્વી બની. પરંતુ સાધ્વી પ્રીતિમતી જ્યારે ગૃહસ્થાવસ્થામાં હતી, ત્યારે ગર્ભવતી થઇ હોવાથી સાધ્વી બન્યા બાદ તેને પુત્રી જન્મ થયો. પ્રસૂતિના નવ દિવસ બાદ પ્રીતિમતી

સ્વર્ગવાસી થતાં ઋષિ હરિષેણે પિતા તરીકે સંભાળ લેવા લાગ્યા અને એ બાલીકાનું નામ ઋષિદત્તા રાખ્યું.

ઋષિ હરિષેણની પાસે રાજકુમાર કનકકુમારે ઋષિદત્તા સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો. અમાત્યોએ કનકકુમારને સમજાવ્યા કે કાવેરીની રાજકુમારી રુક્મિણી આપની વાગ્દત્તા છે અને કનકકુમારના પિતા રાજા હેમરથે કાવેરીના રાજા કૃતબ્રહ્મની કન્યા સાથે એમનું લગ્ન નિશ્ચિત કર્યું છે, તેથી ઋષિદત્તા સાથે લગ્ન કરશે તો બંને કુળની આબરૂ ધૂળધાણી થઇ જશે. પરંતુ કનકકુમારે અમાત્યોની વાત કાને ધરી નહીં. છંછાડાયેલી રુક્મિણીએ ઋષિદત્તા પર વેર લેવાનો નિશ્ચય કર્યો અને સુલસા યોગિની દ્વારા ઋષિદત્તાના શયનખંડમાં માંસનો ટુકડો અને એના હોઠ પર લોહી લગાડ્યું. નગરમાં યોગીની સુલસા રોજ રાત્રે માનવહત્યાઓ કરતી હતી, તેથી યોગિનીએ રાજાને કહ્યું કે આ ઋષિદત્તા જ નરભક્ષિણી છે. કુટિલ યોગિનીએ બિછાવેલી જાળને પરિણામે ઋષિદત્તાને માથે આળ આવ્યું અને રાજા હેમરથે આજ્ઞા કરી કે આ ઋષિદત્તા ડાકણને જંગલમાં લઇ જઇને ભીનાં લાકડાંની ચિતા બનાવીને જીવતી સળગાવી દો, જેથી એ તરફડી-તરફડીને મૃત્યું પામે. બીજાનો નિર્દયતાથી નાશ કરનારનો આવો જ અંત હોવો જોઇએ. જંગલમાં ચિતા સળગાવવાં આવી, પરંતુ મુશળધાર વરસાદ સાથે ચોતરફ ઘોર અંધકાર છવાઇ જતાં ઋષિદત્તાને લેશમાત્ર ઇજા થઈ નહીં.

સમાધિપૂર્વક કાળધર્મ પામીને સ્વર્ગલોક પ્રાપ્ત કરનાર ઋષિ હરિષેણે દેવરૂપમાં અવધિજ્ઞાનથી જોયું તો ખ્યાલ આવ્યો કે પોતાની માનવભવની પુત્રી ઋષિદત્તા ચોતરફ આફતોથી ઘેરાઇ ગઇ છે, આથી દેવે ઋષિદત્તાને રૂપપરિવર્તનની બે અલૌકિક વિદ્યાઓ આપી. પહેલી વિદ્યાના પ્રભાવથી એ ઇચ્છે તેવું રૂપ ધારણ કરી શકે અને બીજી વિદ્યાના પ્રયોગથી એ પોતાનું મૂળ સ્વરૂપ પામી શકે.

કુંવર કનકકુમારનું લગ્ન રુક્મિણી સાથે યોજવામાં આવ્યું ત્યારે ઋષિદત્તાએ નવતરુણ ઋષિનું દિવ્યરૂપ ધારણ કર્યું. તરુણ ઋષિની ભવિષ્યવાણી સાચી પડતી જોઇને અંજાયેલા કનકકુમારે આગ્રહપૂર્વક એમને પોતાની સાથે રાખ્યા. ગર્વિષ્ઠ રુક્મિણીએ કનકકુમારને કહ્યું કે સુલસા યોગિનીએ એના કહેવાથી જ નગરજનોની હત્યા કરી હતી. અને તેણે જ ઋષિદત્તાને નરભક્ષિણી સાબિત કરી હતી. રાજકુમાર કનક ક્રોધે ભરાઇને રુક્મિણીનું માથું ઉડાવવા તૈયાર થયો ત્યારે પેલા તરુણ ઋષિએ એને અટકાવ્યો. તે પછી ઋષિદત્તાએ એનું મૂળ રૂપ ધારણ કર્યું. નગરમાં આવેલા મુનિ ધર્મવિજયજી પાસેથી ઋષિદત્તાએ જાણ્યું કે આ બધી ઘટના તો એનાં પૂર્વભવનાં કર્મોના પરિણામરૂપ હતી. આથી ઋષિદત્તાએ ચારિત્ર્યપાલનનો નિશ્ચય કરીને દીક્ષા લીધી. કઠોર તપશ્ચર્યા દ્વારા કેવળજ્ઞાન થયું અને અંતે મોક્ષ પ્રાપ્ત કર્યો.

卐

# ૬ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી મલયસુંદરી

## (અગ્રેસર મહત્તરા)

વીરધવલ રાજા અને રાણી ચંપકમાલાની પુત્રી મલયસુંદરી અને પૃથ્વીસ્થાનપુરના રાજા સુરપાલના પુત્ર મહાબલકુમાર વચ્ચેના પ્રણયમાં મલયસુંદરીની ઓરમાન માતા કનકવતીએ અનર્થ સર્જવા કોશિશ કરી. મહાબલ મલયસુંદરીને મળવા આવ્યો હતો ત્યારે મુખ્ય દ્વાર પર તાળું મારી કનકવતીએ તોફાન મચાવ્યું કારણ કે મહાબલે રાણી કનકવતીની કામેચ્છાને ઠુકરાવી હતી. મહાબલ પોતાના કેશમાં રાખેલી ગુટિકા બહાર કાઢીને નારી રૂપ લે છે અને એ રીતે કનકવતીના પ્રપંચને નિષ્ફળ બનાવે છે.

ઓરમાન માતાએ એવો પ્રપંચ રચ્યો કે રાજાએ ગુસ્સે થઇને મલયસુંદરીને અંધારા કૂવામાં નાખી દેવાની આજ્ઞા કરી. અંધારા કૂવામાં રહેલા અજગરના મુખમાં મલયસુંદરી પડી અને અજગર એને અર્ધ ગળીને બહાર આવ્યો. એ જંગલમાં વૃક્ષને ભરડો લેવા જતો હતો. આ સમયે મહાબલ એક રાક્ષસનો પીછો કરવા જતાં યોગાનુયોગ જંગલમાં આવ્યો હતો. એની નજર અજગર પર પડી. એના મુખમાં અડધું ગળેલું માણસ હતું. મહાબલે બે હાથે અજગરના હોઠ પકડી જીર્ણ વસ્ત્રની માફક બે ભાગ કરી નાખ્યા. એના મુખમાંથી અર્ધમૃત હાલતમાં એક સ્ત્રી નીકળી. અર્ધ બેભાન એવી એ સ્ત્રીના મુખમાં એ સમયે, ‘મને

મહાબલકુમારનું શરણ હજો' એવા મંદ ઉદ્ગાર નીકળી પડ્યા. મહાબલે મલયસુંદરીને ઓળખી અને દૂર દૃષ્ટિ કરી તો કોઇ પુરુષ આકાર જેના તરફ ધસતો આવતો હતો. એનાથી બચવા માટે મહાબલે મલયસુંદરીના ભાલ પર તિલક કરી એને પુરુષ બનાવી દીધી અને કહ્યું, 'આ તિલક હું મારા હાથે ભૂંસીશ ત્યારે તારું મૂળ રૂપ પ્રગટ થશે.'

બીજી બાજુ રાજાને ખબર પડી કે ઓરમાન માતા કનકવતીના કાવતરાને લીધે મેં મારી નિર્દોષ પુત્રી ગુમાવી દીધી. રાજા-રાણીને ઘેરો આઘાત લાગતાં બંનેએ પ્રાણત્યાગ કરવાનું નક્કી કર્યું. આ સમયે મહાબલે નૈમિત્તિકના રૂપમાં ત્યાં આવીને ખબર આપી કે મલયસુંદરી જીવે છે. તમે સ્વયંવર રચો. તેના મંડપમાં જ કાષ્ઠસ્થંભમાંથી એ પ્રગટ થશે.

રાજા વીરધવલે સ્વયંવર રચ્યો. યોજના મુજબ મહાબલ વીણાવાદકના વેશમાં ત્યાં પહોંચી ગયો હતો. મલયસુંદરીએ એને હાર પહેરાવ્યો ત્યારે હતાશ થયેલા રાજકુમારો તેના પર તલવાર લઇને તૂટી પડ્યા. આ સમયે મહાબલે પ્રબળ પરાક્રમ દાખવીને રાજકુમારોને મહાત કર્યા.

લગ્ન પછી બંને ભટ્ટારિકાના મંદિરે ગયા. આ નિર્જન સ્થાનમાં એકલા રહેવું ઉચિત નહિ હોવાથી મલયસુંદરીને મહાબલે પુરુષરૂપ આપ્યું. એક સ્ત્રીનું રુદન સાંભળતાં મહાબલ એની મદદે જાય છે. બીજી બાજુ સવાર પડવા છતાં મહાબલ પાછો આવ્યો નહિ. એથી

પુરુષવેશધારી મલયસુંદરી પૃથ્વીસ્થાનપુરમાં આવે છે. પૃથ્વીસ્થાનપુર નગરમાં એના રાજકુમાર મહાબલ ગુમ થયા હોવાથી રાજા એની શોધ ચલાવતા હતા ત્યારે આ નગરમાં પુરુષવેશે આવેલી મલયસુંદરી પાસેથી મહાબલના સુવર્ણકુંડલ અને સાફો મળી આવતાં એને પકડવામાં આવી.

પુરુષવેશે રહેલી મલયસુંદરીએ નિર્દોષ હોવાની વાત કરી ત્યારે રાજાએ એ નિર્દોષ છે કે નહિ તે માટે કસોટી કરવાનું નક્કી કર્યું. ધનંજય યક્ષના મંદિરમાં એક ઘડામાં ભયંકર સર્પ મૂકવો. મંદિરમાં મલયસુંદરીએ પંચ પરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરીને ઘડામાંથી ત્રણ ફૂટ લાંબો શ્યામ સર્પ બહાર કાઢ્યો. એ સર્પે મુખમાંથી દિવ્ય હાર કાઢીને મલયસુંદરીના ગળામાં પહેરાવ્યો તેમજ એની જીભથી તિલક ભૂંસી નાખતાં મલયસુંદરી મૂળ નારી રૂપ પામી. રાજા અને પ્રજા આ ચમત્કાર જોઇને ખુશ થયા. એ પછી મલયસુંદરીના જીવનમાં અનેક ઘટનાઓ બની. જૈન મુનિનું અપમાન કરતા એણે આ બધું સહન કરવું પડ્યું. કર્મની આવી ગતિ જોઇને બંનેએ સંયમ સ્વીકારવાનું નક્કી કર્યું. સંયમના શ્વેત વસ્ત્રોમાં મહાબલ મુનિ અને મલયસુંદરીએ જૈનશાસનની ઉન્નત સેવા કરી.

卐

# ૭ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી શિયળવંતી

## (શીલધર્મનો પ્રભાવ)

નંદન નગરના રાજાના મંત્રી અજિતસેન અત્યંત બુદ્ધિશાળી હતા. એમની પત્ની શિયળવંતી શુકનશાસ્ત્રની જાણકાર હોવાથી એ શાસ્ત્ર અનુસાર અજિતસેન વેપાર કરતો હતો અને સારા યોગમાં વ્યવસાય કરતો હોવાથી એનું દ્રવ્ય વધતું જતું હતું. એક વાર નંદન નગરના રાજવીએ બીજા રાજ્ય પર ચડાઈ કરી, ત્યારે એણે મંત્રી અજિતસેનને પણ યુદ્ધમાં પોતાની સાથે આવવાની આજ્ઞા કરી. પતિનો દીર્ઘકાળ સુધી વિરહ થશે, તેમ માનીને શિયળવંતીએ પોતાના શીલની કસોટીરૂપ એક પુષ્પમાળા અજિતસેનના ગળામાં પહેરાવી અને કહ્યું, 'જ્યાં સુધી આ માળા કરમાય નહીં, ત્યાં સુધી મારું શીલ સુરક્ષિત અને અખંડ જાણજો.'

થોડા દિવસ બાદ રાજાએ અજિતસેનને ગળામાં ઝૂલતી તાજાં પુષ્પોની માળા જોઇ. આશ્ચર્ય અનુભવતા રાજવીને એનુ રહસ્ય જાણવાની જિજ્ઞાસા જાગી. રાજદરબારના સભાજનોએ રાજાને શિયળવંતીના સતીત્વની વાત કરી. આ સમયે રાજદરબારમાં હાસ્યવાર્તા કરનાર અશોક નામના મંત્રીએ સ્ત્રીના સતીત્વની મજાક ઉડાવી. રાજાએ મંત્રીને એના સતીત્વની પરીક્ષા કરવા અડધો લાખ દ્રમ આપ્યા. મંત્રી અશોક માલણ પાસે ગયો અને માલણને કહ્યું કે એ

શિયળવતીને જઇને કહે કે કોઇ સૌભાગ્યવાન પુરુષ એને મળવા ચાહે છે. માલણે આ કાર્ય માટે અડધો લાખ દ્રવ્ય માગ્યું. માલણ શિયળવંતીને મળવા ગઇ. શિયળવંતીએ વિચાર્યું કે પરસ્ત્રીના શીલનું ખંડન કરવાને મનમોજી મજાક સમજતા આ મંત્રીને બોધપાઠ ભણાવવો પડશે. એણે માલણને કહ્યું કે મને અડધો લાખ દ્રવ્ય આપ તો આ કાર્ય સિદ્ધ થાય.

શિયળવંતીએ ઘરમાં ઊંડો ખાડો ખોદીને તેના પર પાટી વગરનો માચો મૂકીને ઓછાડ બાંધી રાખ્યો. અશોક મંત્રી મલકાતો-મલકાતો આવ્યો. શિયળવંતીએ આપેલી સૂચના પ્રમાણે એની દાસીએ મંત્રીને કહ્યું કે તમે લાવ્યા હોય તો તે દ્રવ્ય મને આપો અને અંદર માચા પર જઇને બેસો. મંત્રી અડધો લાખ દ્રવ્ય આપીને ઉતાવળે અંધારિયા ઓરડામાં માચા પર બેસવા ગયો અને ખાડામાં પડ્યો. અશોક મંત્રી પાછો ન આવતાં કામાંકુર નામનો બીજો મંત્રી આવ્યો, એ પછી લલિતાંગ નામનો ત્રીજો અને ત્યાર બાદ રતિકેલી નામનો ચોથો મંત્રી એક એક મહિના બાદ શીલભંગના મલિન ઇરાદાથી આવ્યા. ચારેયની પાસેથી શિયળવંતીએ દ્રવ્ય લીધું અને તેમને ખાડામાં નાખ્યા.

થોડા સમય બાદ વિજય મેળવીને પાછા આવતાં સિંહરાજાએ ભવ્ય નગરપ્રવેશ કર્યો ત્યારે શિયળવંતીએ આ ચારેય યક્ષ ઇચ્છે તેવું ભોજન હાજર કરી શકે છે તેમ કહીને ચારે મંત્રીને કરંડિયામાં પૂરીને આપ્યા. રાજાએ કરંડિયો ઉઘાડ્યો ત્યારે ભૂત-પિશાચ જેવા ચાર માણસો એમાંથી બહાર નીકળ્યા. એમના દાઢી, મૂછ અને માથાના કેશ વધી

ગયા હોવાથી બિહામણા લાગતા હતા. એમની આંખો ઊંડી ઊતરી ગઇ હતી. ભૂખ્યા-તરસ્યા બધા જ સાવ કૃશ થઇ ગયા હતા. રાજાને ખ્યાલ આવ્યો કે આ તો એના ચારે મંત્રીઓ છે. એ મંત્રીઓએ પોતાની થયેલી દુર્દશા અને મળેલી નિષ્ફળતાનું વર્ણન કર્યું. રાજાને શિયળવંતીના શીલ અને બુદ્ધિ માટે આદર જાગ્યો. શિયળવંતી પશુ-પક્ષીઓની ભાષા જાણતી હતી. શિયળવંતીને કાગડા સાથે વાર્તાલાપ કરતી જોઇને એના સસરા વિસ્મય પામ્યા. કાગડાના કહેવા પ્રામાણે શિયળવતીએ વૃક્ષ નીચે ધનકુંભ હોવાનું પોતાના સસરાને કહ્યું. ખાડો ખોદતાં સુવર્ણથી ભરેલા ચાર કુંભ મળ્યા.

શિયળવંતીના શીલપ્રભાવથી સિંહરાજા અત્યંત પ્રસન્ન થયો. એણે શિયળવંતીને પોતાની બહેન બનાવી. શિયળવંતીના શિયળને કારણે એની ઘણી પ્રતિષ્ઠા થઇ. અજિતસેન અને શિયળવંતી આનંદભેર જીવન જીવવા લાગ્યાં. જીવનમાં શીલથી આગવો પ્રભાવ પાડનાર શિયળવતીના હૃદયમાં ધર્મની પ્રબળ ભાવના હતી, આથી પતિ-પત્ની બંનેએ દીક્ષા લીધી અને એમના કાળધર્મ બાદ તેઓ પાંચમાં દેવલોકમાં ગયાં અને અનુક્રમે મોક્ષગામી બન્યાં.

卐

# ૮ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી રુક્મિણી

## (ભૌતિકમાંથી આધ્યાત્મિક પરિવર્તન)

મોહમાંથી ત્યાગ, રાગમાંથી વિરાગ, વાસનામાંથી સાધના, સ્થૂળમાંથી સૂક્ષ્મ અને ભૌતિકમાંથી આધ્યાત્મિક પરિવર્તનની એક હૃદયસ્પર્શી કથા એટલે સાધ્વી રુક્મિણીનું રોમાંચકારી જીવન.

ઘટના એવી બની હતી કે પાટલિપુત્ર નગરની બહાર ઉદ્યાનમાં મહાપ્રતિભાશાળી મહાપુરુષ આર્ય વજ્રનું આગમન થયું હતું અને એમના દર્શનાર્થે આખું નગર ઉદ્યાનમાં ઊમટ્યું હતું. પાટલિપુત્રના કોટ્યાધિપતિ ધનશ્રેષ્ઠીનું એકમાત્ર સંતાન કુમારી રુક્મિણી પોતાની સખીઓ સાથે ઉપવનમાં આવી હતી. અખંડ બ્રહ્મચર્યના તેજસ્વી ઓપતા સૌમ્ય, શાંત આર્ય વજ્રના મુખેથી પ્રગટતી ધર્મવાણી સાંભળીને અબાલવૃદ્ધ અલૌકિક આનંદમાં ગરકાવ થયાં હતા, પરંતુ દૃષ્ટિ એવી સૃષ્ટિ તે ન્યાયે યુવાન રુક્મિણીનાં મોહભર્યાં નયનોને આર્ય વજ્રનું રૂપ જ નજરે પડ્યું અને રૂપ પર રુક્મિણી વારી ગઇ. મનની ગતિ છે અતિ અટપટી! યુવાન રુક્મિણી આર્ય વજ્ર સાથેના પોતાના ભાવિ સ્નેહ જીવનની મોહક કલ્પનાઓમાં ડૂબી ગઇ. એણે મનોમન પતિના રૂપમાં પોતાના હૃદયસિંહાસન પર આર્ય વજ્રની સ્થાપના કરી. પોતાનો આ સંકલ્પ એણે માતા-પિતા સમક્ષ રજૂ કર્યો અને એમ પણ કહ્યું કે જો એનાં લગ્ન નહીં થાય તો એ અગ્નિમાં પ્રવેશીને આત્મવિલોપન કરશે. રુક્મિણીને રૂંવેરૂંવે મોહ જાગ્યો હતો. એને આર્ય વજ્રની ચરણસેવિકા

બનવાની તીવ્ર ઉત્કંઠા અને પ્રબળ આસક્તિ હતી. એને વિયોગની એક ક્ષણ એક એક યુગ જેવી લાંબી લાગતી હતી. રુક્મિણીના પિતા ધન શ્રેષ્ઠીએ તો પોતાના સંપત્તિકેન્દ્રી માનસથી એમ જ વિચાર્યું કે સાધુરાજ આગળ અઢળક ધન-સમૃદ્ધિનો ઢગલો કરીશ એટલે તેઓ સાધુતા ત્યજીને અવશ્ય મારી પુત્રી સાથે પાણિગ્રહણ કરશે. જિંદગીની પ્રત્યેક બાબતને ધનના ત્રાજવે તોલનારને સ્વાભાવિક રીતે આવી જ કલ્પના આવે.

કીંમતી વસ્ત્રાભૂષણોથી શોભતી પોતાની પુત્રી અને એક અબજ મુદ્રાઓ સહિત ધનશ્રેષ્ઠી આર્ય વજ્ર પાસે ગયા. શ્રેષ્ઠીએ વિનંતી કરી કે મારી પુત્રી હૃદયથી પતિરૂપે આપને વરી ચૂકી છે તો અપાર રૂપ અને લાવણ્ય ધરાવતી મારી પુત્રીનો આપ સ્વીકાર કરો. વળી આ એક અબજ મુદ્રાઓ લઇને આપની ઇચ્છા મુજબ આખી જિંદગીની સાંસારિક સુખો માણશો તોય આ સંપત્તિ ખૂટશે નહીં. આમ કહીને શ્રેષ્ઠી ધને આર્ય વજ્રના ચરણમાં માથું રાખીને યોગ્ય ઉત્તરની આશા સાથે એમના તરફ જોયું.

નિવૃત્તમાર્ગમાં દૃઢસંકલ્પ એવા આર્ય વજ્ર પર શ્રેષ્ઠી ધનનાં મોહક પ્રલોભનની કશી અસર થઈ નહીં. આર્ય વજ્રે શાંત અવાજે કહ્યું, 'હે શ્રેષ્ઠી, તમે સ્વભાવથી અત્યંત સરળ અને ભોળા છો. જેણે સંસારનાં સર્વ બંધનોનો ત્યાગ કર્યો છે અને તમે સંસારનાં બંધનોમાં જકડાવા માંગો છો. શું ધૂળના ઢગલાના બદલામાં કોઇ રત્નનો રાશિ ગુમાવે ખરું

? નાનકડા તણખલાને ખાતર કલ્પવૃક્ષ ત્યજી દે ? તમે તો તમારા તુચ્છ વૈભવ દ્વારા વિષયભોગોનું પ્રલોભન આપીને મને પમાત્માપદ અપાવે એવાં તપ અને સંયમને ખૂંચવી લેવા ઇચ્છો છો. ક્ષણિક વિષયસુખ તો ઘોર દુઃખાનુબંધી અને અનંતકાળ સુધી ભવાટવીમાં ભટકાવનારું છે. જો તમારી પુત્રી સાચોસાચ મારું અનુકરણ કરવા માંગતી હોય તો એણે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર્યરૂપે મેં ગ્રહણ કરેલાં મહાવ્રતોનો અંગીકાર કરવો જોઇએ. મેં સ્વીકારેલા શાશ્વત સુખદાયી શ્રેયસ્કર સાધના પથ પર અગ્રેસર થઇને આત્મકલ્યાણ માટે પ્રવૃત્ત બનું જોઇએ.'

આર્ય વજ્રની આ અમૃતવાણીએ રુક્મિણીના ચિત્ત પરથી મોહની મલિનતા દૂર કરી અને એના હૃદયમાં પ્રકાશનું કિરણ પ્રગટ થયું. જેમ જેમ આર્ય વજ્રનાં વચનો સાંભળતી ગઇ તેમ તેમ પ્રકાશના એ કિરણોમાંથી એવો દેદીપ્યમાન સૂર્ય ઊગ્યો કે જેણે રુક્મિણીના હૃદયમાં જામેલા ઘોર અંધકારને દૂર કરીને સર્વત્ર પ્રકાશ પાથરી લીધો.

જેમને પતિ રૂપે સ્વીકાર્યા હતા એમના ઉપદેશથી પ્રભાવિત થઇને રુક્મિણીએ એમને આરાધ્ય દેવ તરીકે સ્વીકાર્યા. આ રીતે સંસારજીવનના સ્વામીને બદલે વજ્રસ્વામી અધ્યાત્મ માર્ગના પથદર્શક બન્યા.

卐

# ૯ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી રુદ્રસોમા

## (સંસ્કારદાત્રી માતા)

દશપુરના મહારાજાના રાજપુરોહિત સોમદેવની પત્ની રુદ્રસોમાએ વીર નિર્વાણ સં. ૫૨૨માં આર્યરક્ષિત નામના તેજસ્વી બાળકને જન્મ આપ્યો. વેદજ્ઞાતા, વિદ્વાન રાજપુરોહિત સોમદેવ રાજા અને પ્રજા બન્નેમાં બહોળી ચાહના ધરાવતા હતા, તો એમની પત્ની રુદ્રસોમા જૈન ધર્મ પ્રત્યેની પ્રગાઢ નિષ્ઠાને કારણે જનસામાન્યનો આદર ધરાવતી હતી. રાજપુરોહિત સોમદેવ પોતાના પુત્ર રક્ષિતને વિશેષ અભ્યાસાર્થે પાટલિપુત્ર મોકલ્યો. અહીં એણે છ અંગો સહિત વેદોનું ગહન અધ્યયન કર્યું.

સર્વ વિદ્યાઓમાં પારંગત થયા બાદ રક્ષિત પાટલિપુત્રથી દશપુર પાછો આવ્યો ત્યારે રાજા અને પ્રજા બંનેએ ભવ્ય સમારોહ યોજીને એનો ઉત્સાહ અને આદરથી નગરપ્રવેશ કરાવ્યો. આર્યરક્ષિત પોતાની માતાને પ્રણામ કરવા દોડી ગયો, પણ એણે જોયું કે એમની માતા તો સામાયિક લઇને ગહન આત્મચિંતનમાં ડૂબેલી છે. રક્ષિતની તો કલ્પના હતી કે પહોંચતાવેત જનનીની ગોદમાં લપાઇ જઇને જિંદગીનો સઘળો ભાર ભૂલી જઇશ. માતાને સામાયિકમાં જોઇને ગદ્‌ગદિત હૃદયે રક્ષિતે પ્રણામ કર્યા. સામાયિક પૂર્ણ થયા બાદ માતાએ માત્ર પુત્ર પર સ્નેહભરી દૃષ્ટિ કરી. રક્ષિતની ધારણા હતી કે એને જોઇને માતાની મમતાનો પણ સાગર

લહેરાવા માંડશે, પરંતુ એને બદલે એને તો માતાની માત્ર એક અમીભરી નજર જ મળી.

વિદ્વાન રક્ષિત અકળાઇ ઊઠ્યો. એને વિચાર્યુ કે સાદાઇ, સ્નેહ અને મમતાની મૂર્તિસમી માતા ક્યારેય અકળાતી નથી તો આ પછી આજે આવા આનંદના પ્રસંગે માતા કેમ ખુશ થતી નથી ? મહાપંડિત રક્ષિતે માતાને કારણ પૂછ્યું, માતા રુદ્રમાતાએ કહ્યું કે મારા અંતરની અભિલાષા તો એ છે કે મારો પુત્ર દષ્ટિવાદનું અધ્યયન કરે, ગહન એવા આધ્યાત્મિક માર્ગને જાણે અને સાચો આત્મસાધક બને.

માતાની અભિલાષા પૂર્ણ કરવાનો રક્ષિતે દૃઢ સંકલ્પ કર્યો. માતાએ કહ્યું કે નગરની બહાર ઇક્ષુવાટિકામાં આચાર્ય તોષલિપુત્ર બિરાજમાન છે. તેઓની પાસેથી તેને આ વિદ્યા પ્રાપ્ત થશે. આર્યરક્ષિતે રાત તો માંડ માંડ વિતાવી. વહેલી સવારે માતાને વંદન કરીને આચાર્ય તોષલિપુત્ર પાસે પહોંચી ગયો અને દૃષ્ટિવાદનું અધ્યયન કરાવવા વિનંતી કરી. આચાર્યશ્રીએ કહ્યું કે નિર્ગ્રંથ શ્રમણની દીક્ષા ગ્રહણ કરી હોય તેવા સાધુને જ દૃષ્ટિવાદનું અધ્યયન કરાવી શકાય. આ સાંભળીને આર્ય રક્ષિતે સહેજે ખચકાટ વિના તત્કાળ દીક્ષા ગ્રહણ કરી અને એકાદશાંગી (અગિયાર અંગ)નો અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસની જિજ્ઞાસા એવી જાગી હતી કે આર્ય રક્ષિત એ સમયના મહાપુરુષ વજ્રસ્વામી પાસે ગયા અને નવ પૂર્વનો અભ્યાસ કર્યો. એ પછી ગુરુ તોષલિપુત્રએ શિષ્યની યોગ્યતા જાણી એને ગણાચાર્ય પદ પ્રદાન કર્યું. આર્યરક્ષિતનો ભાઇ ફલ્ગુરક્ષિત ભાઇને

ઘેર પાછો લઇ જવા આવ્યો, ત્યારે આર્યરક્ષિતનો ઉપદેશ સાંભળીને એ સ્વયં દીક્ષિત થઇ ગયો. બંને ભાઇઓ દશપુર આવ્યા. માતાની આંખમાં પુત્રોની આધ્યાત્મિક લગની જોઇ આનંદથી આંસુનાં તોરણ બંધાયાં. રાજપુરોહિત સોમદેવ, માતા રુદ્રસોમા અને સમગ્ર પરિવારે દીક્ષા ગ્રહણ કરી. આર્ય રુદ્રસોમાએ ઉગ્ર તપ કરીને વિશુદ્ધ સંયમની આરાધના કરી. સાધુ રક્ષિત સમય જતાં યુગપ્રધાન આચાર્ય રક્ષિતસૂરિજી બન્યા. એમણે ભવિષ્યનો વિચાર કરીને આગમોને ચાર અનુયોગોમાં સંકલિત કર્યા. આ અનુયોગોના પૃથકકર્તાના રૂપમાં આચાર્યશ્રી રક્ષિતસૂરિજીના નામની સાથેસાથે સાધ્વી રુદ્રસોમાનું નામ પણ અમર બન્યું. આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિત બંને પુત્રો દીક્ષિત થયા હોવાથી એમની વંશપરંપરા ચલાવનારા આજે ભૂલાઇ ગયા, જ્યારે વર્ષોથી શ્રદ્ધાળુ શ્રાવકો આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિતની સાથે એમની સંસ્કારદાત્રી માતા સાધ્વી રુદ્રસોમાનું સતત સ્મરણ કરે છે.

卐

# ૧૦ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી યાકિની મહત્તરા

## (વેર વિદ્યામાં પલટાઇ ગયું)

ક્ષમા સર્વ ગુણોની ખાણ છે. ક્ષમા ઉદાર હૃદયનું પ્રબળ શૌર્ય માગતી હોવાથી 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' કહેવાય છે. આવી ક્ષમાને જૈનદર્શન દુર્ગતિનું હરણ કરનારી, રત્નત્રયીને પ્રાપ્ત કરાવનારી, જન્મ-મરણરૂપ સંસારસમુદ્રને તારનારી અને ત્રણે લોકમાં સારરૂપ કહે છે. આવી ઉત્તમ ક્ષમાને જાગ્રત કરવાનું કાર્ય યાકિની મહત્તરાએ કર્યું હતું.

આચાર્ય હરિભદ્રસૂરિજીના હંસ અને પરમહંસ નામના બે શિષ્યોની અન્ય ધર્મીઓને હાથે હત્યા થઇ. આનાથી આચાર્યશ્રીનું હૃદય ખળભળી ઊઠ્યું. પોતાના પ્રિય શિષ્યની ક્રુર હત્યાનો આઘાત એમના દિલમાં બદલાની આગ જગાવી ગયો. આચાર્યશ્રીએ બૌદ્ધ વિહારમાં અભ્યાસ કરતા ૧૪૪૪ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ઊકળતા તેલની કડાઈમાં જીવતા ભૂંજી નાખવાનો વિચાર કર્યો. ક્રોધ વિવેકને ભગાડે છે. આચાર્યશ્રીનું ક્રોધનું બીજ વેરનું વટવૃક્ષ બની ગયું. વેરની વસૂલાત માટે આચાર્યશ્રીએ ઉપાશ્રયના દરવાજા બંધ કર્યા. મોટી ભઠ્ઠી સળગાવી. એના પર કડાઇમાં તેલ નાખ્યું અને પછી પોતાના મંત્રબળે એ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને આકર્ષિત કરીને આકાશમાં ઊભા રાખ્યા. ક્રોધાયમાન આચાર્યશ્રીનો ઇરાદો તો એક પછી એક વિદ્યાર્થી અને અધ્યાપકને મંત્રબળે બોલાવીને જીવતા ઉકળતા તેલની કડાઈમાં નાખવાનો હતો. આચાર્યશ્રીના વેરની વાતની જાણ યાકિની મહત્તરાને થઇ. એક આચાર્યને હાથે આવો નૃવંશ હત્યાકાંડ ! યાકિની મહત્તરા વેગે ચાલીને ઉપાશ્રયમાં આવ્યાં. ઉપાશ્રયનાં દ્વાર બંધ હતાં. આચાર્ય હરિભદ્રસૂરિએ પોતાની માતા સમાન યાકિની મહત્તરાને કહ્યું, 'હાલમાં મારી ક્રિયા ચાલે છે. થોડા સમય પછી આવજો.' યાકિની મહત્તરાએ દૃઢ અવાજે કહ્યું. 'મારે તમારું જરૂરી કામ છે. તત્કાળ દરવાજો ખોલો.'

દરવાજો ખૂલ્યો. યાકિની મહત્તરાએ વિનયપૂર્વક આચાર્યશ્રીને વંદન કર્યાં

અને પછી કહ્યું, 'આચાર્યશ્રી, આપની પાસે પ્રાયશ્ચિત લેવા આવી છું. મને આપ પ્રાયશ્ચિત આપો.'

પ્રકાંડ વિદ્વાન આચાર્ય હરિભદ્રસૂરિ પોતાની જાતને યાકિની મહત્તરાના પુત્ર તરીકે ઓળખાવતા હતા, કારણ કે એ જ યાકિની મહત્તરાનો એક શ્લોક તેઓ સમજી શક્યા નહીં અને એમનો વિદ્વતાનો અહંકાર ખંડિત થયો હતો. અંતે વિદ્વતામાં પરાજિત થતાં રાજપૂરોહિત વિદ્વાન હરિભદ્રે જિનદત્તસૂરિજી પાસે દીક્ષા લીધી. પોતાને યોગ્ય માર્ગ દર્શાવનાર યાકિનીને આચાર્ય હરિભદ્રસૂરિ માતા ગણતા હતા. આવા માતા સમાન સાધ્વી સામે ચાલીને શેનું પ્રયાશ્ચિત લેવા આવી છે તે જાણવાની શ્રી હરિભદ્રસૂરિને જિજ્ઞાસા જાગી.

યાકિની મહત્તરાએ કહ્યું કે અજાણતાં ચાલતાં-ચાલતાં એમના પગ નીચે એક દેડકો દબાઇ ગયો. એક પંચેન્દ્રિય જીવની હિંસાથી એમનો આત્મા અપાર વેદના અનુભવે છે. અહિંસાનું પ્રાયશ્ચિત ચાલે છે, કારણ કે જો આલોચના કર્યા વિના કદાચ તેમનું આયુષ્ય પૂર્ણ થઇ જાય તો તો વિરાધક બની જાય.

આચાર્ય હરિભદ્રસૂરિએ જરા ઊંચા અવાજે કહ્યું, 'ઓહ ! તમે પંચેન્દ્રિય જીવન ધ્યાન રાખી શક્યા નહિ ? એનું તમારે પ્રાયશ્ચિત કરવું જ પડશે.'

યાકિની મહત્તરાએ પ્રાયશ્ચિતનો વિનયપૂર્વક સ્વીકાર કરીને કહ્યું, 'મારાથી અજાણતાં થયેલા એક તિર્યંચ પંચેન્દ્રિય જીવની (દેડકાની) હિંસાનું પ્રાયશ્ચિત તો મને મળ્યું, પરંતુ તમે ૧૪૪૪ મનુષ્યોની જાણી-જોઇને હિંસા કરી રહ્યા છો તેનું પ્રાયશ્ચિત શું થશે ?'

યાકિની મહત્તરાના આ શબ્દો સાંભળતાં જ આચાર્યશ્રી હરિભદ્રનો ક્રોધ શાંત થઇ ગયો. અધ્યાપકો અને વિદ્યાર્થીઓને મંત્રબળે બોલાવ્યા હતા, તેમને પાછા મોકલી આપ્યા.

પોતાના દુષ્કૃત્ય કરવાના વિચારના પ્રાયશ્ચિત રૂપે ક્ષમા આદિ ગુણોને પ્રગટ કરે તેવા ૧૪૪૪ ગ્રંથો (સ્લૉકો) ની રચના કરી. ક્રોધ ક્ષમામાં ફેરવાયો. વેર વિદ્યામાં પલટાઇ ગયું.

卐

# ૧૧ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી મનોરમા

## (રાગમાંથી વિરાગ)

રાજકુમારી મનોરમાએ યુવાનીના ઉંબરે પગ મૂક્યો અને એના મનનો મોરલો નાચી ઊઠ્યો. રાજવૈભવમાં ઉછરેલી આ રાજકુમારીને જીવનનાં સર્વભૌતિક આનંદપ્રમોદ સાંપડ્યા હતા. રાજકુમારી તરીકે એનો લાડકોડથી ઉછેર થયો હતો. અત્યંત રૂપવાન મનોરમાએ મનોમન વિચાર કર્યો કે આખી નગરીમાં મારા સમાન સમૃદ્ધ, સુખી અને સ્વરૂપવાન બીજી કોઇ યુવતી નથી. શ્રેષ્ઠનો શ્રેષ્ઠ સાથે જ મેળાપ શોભે, પરિણામે એણે નિશ્ચય કર્યો કે આ જગતમાં સૌથી વધુ રસિક પુરુષ હોય, તેની સાથે હું વિવાહ કરીશ.

આવી મદમસ્ત યુવાનીમાં રસિકતા ન હોય તો યુવાનીનો અર્થ શો ? કેટલાય રાજકુમારો મનોરમા સાથે લગ્ન કરવા આતુર હતા, ત્યારે મનોરમાને આ રાજકુમારોમાં રાજવૈભવની ઝાકમઝોળ દેખાતી હતી, પણ છાંટોય રસિકતા નજરે પડતી નહોતી, આથી રાજકુમારોના લગ્નના પ્રસ્તાવને એ સ્વીકારતી નહોતી.

એક વાર પાલખીમાં બેસીને રાજકુમારી મનોરમા રાજમાર્ગ પરથી પસાર થતી હતી. આ સમયે એણે કોઇ પુરુષનો મસ્ત-મધુર અવાજ સાંભળ્યો. એ સાંભળતાં જ મનોરમાના મનનો મોરલો ડોલવા લાગ્યો. આ વર્ણનમાં પુરુષના મુખેથી શૃંગારભાવની એક એકથી ચડિયાતી છોળો ઉછળતી હતી. એમાં છલોછલ છલકાતી પ્રણય-વસંતનું

મનોરમ વર્ણન હતું. સમગ્ર સૃષ્ટિ જાણે શૃંગારરસમાં સ્નાન કરતી હોય એવો મનોરમાને અનુભવ થયો. રસિક પુરુષની ગુલાલરંગી કલ્પનાઓને મનોરમાનાં ચિત્તમાં મોહનો આવેગ જગાડ્યો. એનું મન એ અવાજના ઉગમસ્થાન તરફ રહ્યું. હૃદયમાં રોમાંચ, અંતરમાં આતુરતા અને આંખમાં દર્શનની તડપન હતી. આવો રસિક પુરુષ મળે તો સૌભાગ્યના સઘળા દરવાજા ખૂલી જાય. પાલખીની સાથે ચાલતા સૈનિકોને મનોરમાએ કહ્યું, 'જાવ, જલદી જાવ. મારા પિતાને કહો કે મારો માનેલો કંથ મને મળી ગયો છે. એની રસિકતા તો એટલી બધી છે કે હવે જીવન મોજ-મસ્તીથી તરબતર થઇ જશે.'

મધુર સ્વરના મૂળ સ્થાનને શોધતી મનોરમા ઉપાશ્રયમાં આવી પહોંચી. આ સમયે ઉપાશ્રયમાં તેજસ્વી આચાર્ય અભયદેવસૂરિજી પાટ પર બેસીને પોતાના શિષ્યોને પાઠ આપતા હતા. બીજા શિષ્યો મંત્રમુગ્ધ બનીને ગુરુવાણી સાંભળતાં હતા. શૃંગારના વાતાવરણને અનુભવતા હતા. રાજકુમારી મનોરમા તો કવિતાના રસમાં ઘેલી બની હતી. ઉત્સાહઘેલી રાજકુમારી મનોરમાએ કશુંય જોયા વિના પોતાની ધૂનમાં ને ધૂનમાં આચાર્ય મહારાજને કહ્યું, 'હે રાજકુમાર ! મારો સ્વીકાર કરો. આપનો રસ અને મારો રાગ બંનેનું મિલન થતાં સંસાર પર સ્વર્ગ ઊતરી આવશે.' આચાર્યશ્રી અભયદેવસૂરિશ્વરજીએ મનોરમાની પ્રણયવ્યાકુળ ઉન્મત્ત દશાને પારખી લીધી. એમણે વાત્સલ્ય સભર અવાજે મનોરમાને કહ્યું, 'હે રાજકુમારી ! જે ગીતના આકર્ષણથી

ખેંચાઈને તું છેક અહીં સુધી આવી છે, તે ગીત હજી અપૂર્ણ છે. પૂર્ણ ગીત સાંભળીશ તો જ તને તેના પૂર્ણ ભાવનો અનુભવ થશે. ત્યારબાદ તને યોગ્ય લાગે તેમ કરજે.'

આચાર્યશ્રીએ અગાઉ જેમ શૃંગારનો ધોધ વહેડાવ્યો હતો તેમ વહેવડાવવા લાગ્યા અને શૃંગારરસમાં પરિવર્તન કરીને ધીરે ધીરે શાંત રસ પ્રગટાવવા લાગ્યા. સ્નેહ-રાગના વાતાવરણમાંથી સમતાનું ભાવવિશ્વ ખડું થયું.

ગીતનાં રાગમાંથી વિરાગનો ભાવ જાગવા માંડ્યો. બહુમૂલ્ય આભૂષણો અને કીમતી વસ્ત્રો ધારણ કરનારી દેવીઓ દિવ્યવંદન કરવા માટે વિતરાગ પ્રભુ પાસે જઇ રહી હતી. એનું આચાર્યશ્રીએ તાદૃશ વર્ણન કર્યું. એ પછી આચાર્યશ્રીએ વીતરાગ પ્રભુના વૈરાગ્યનું વર્ણન કર્યુ. આસક્તિ કરતા આરાધનાની મહત્તા ગાઇ. દેહશૃંગારની ક્ષણિકતા સામે આત્મશૃંગારની અમરતા દર્શાવી. ભૌતિક સંપત્તિને બદલે ત્યાગનો મહિમા પ્રગટ કર્યો. આ સાંભળીને મનોરમાના મનોભાવનું પરિવર્તન થયું. અનુરાગમાંથી વૈરાગ્ય જાગ્યો અને એણે સાધ્વી ધર્મ સ્વીકાર્યો.

卐

# ૧૨ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી ધર્મલક્ષ્મી

## (સાતસો સાધ્વીની પ્રવર્તિની)

એક સમયે ગુજરાતની પ્રાચીન નગરી ખંભાત પર ચોસઠ બંદરનો વાવટો ફરકતો હતો. એ સમયે ત્રંબાવતી નગરી તરીકે ઓળખાતું ખંભાત ગુજરાતનું પ્રાચીન મહાન વ્યાપારી બંદર હતું.

જાહોજલાલીના અ દિવસોમાં એકસો કરોડપતિ વસતા હતા. ખંભાતવાસીઓની ઉત્કૃષ્ટ ધર્મભાવનાને કારણે આ નગરમાં ૮૫ દેરાસરો અને ૪૫ ઉપાશ્રયો હતાં. આ નગરીમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે દીક્ષા અંગીકાર કરી હતી.

અહીંના ખારવાડા વિસ્તારમાં આવેલા શ્રી સ્તંભન પાર્શ્વનાથ ભગવાનના દેરાસરની નજીકમાં આવેલા ઉપાશ્રયોમાં પુસ્તકોની વચ્ચે શ્રી હેમચંદ્રાચાર્યે મહારાજા કુમારપાળને સંતાડીને જીવતદાન આપ્યું. હતું.

ખંભાતમાં ધર્મમૂર્તિ નામના આચાર્યે સ્થિરવાસ કર્યો હતો. એક કરોડપતિ શ્રાવક હંમેશાં એમનાં દર્શન કરવા આવતો હતો. એ શ્રાવકનો નિત્યક્રમ એવો કે જિનાલયમાં પ્રભૂપૂજા કર્યા પછી ગુરુ મહારાજને વંદના કરવા માટે ઉપાશ્રયમાં આવે. કરોડપતિ હોવા છતાં એનામાં લેશમાત્ર ગર્વ નહોતો. અઢળક સમૃદ્ધિ હોવા છતાં એની એને સહેજે આસક્તિ નહોતી. એક વાર આ ધનિક શ્રાવક નિત્યક્રમ પ્રમાણે ગુરુદર્શને ગયા. એ દિવસે આ શ્રાવકના પુત્રની એકની એક પુત્રી ધર્મલક્ષ્મી એમની સાથે આવી હતી. પુત્રી દાદાની આંગળીએ ગેલ કરતી હતી. તેઓ આચાર્ય ધર્મમૂર્તિનાં દર્શન કરવા ગયાં, ત્યારે આચાર્યશ્રીએ આઠ વર્ષની ધર્મલક્ષ્મીને વંદન કરતા જોઇ. એ બાળાને જોતાં જ આચાર્યશ્રીને લાગ્યું કે આ બાલિકા એ કોઇ સામાન્ય બાલિકા નથી, પરંતુ અસાધારણ ધર્મપ્રતિભા ધરાવતી નારી છે.

શ્રાવકે આચાર્યશ્રીને વંદન કર્યાં અને પોતાને સાધુની વૈયાવચ્ચનો લાભ

આપવા વિનંતી કરી. આચાર્યશ્રીએ કહ્યું, 'શેઠ ! આ નાની બાલિકા એ તો છૂપું રત્ન છે. જિનશાસનની સૂવર્ણ જ્યોત છે. તમે એને મને વહોરાવી દો. એને હાથે શાસનની અપૂર્વ સેવા થવાની છે.'

ક્ષણભર તો શ્રાવક સ્તબ્ધ થઇ ગયા. માત્ર આઠ વર્ષની બાળા કઇ રીતે જૈન સાધ્વીનું વિકટ જીવન ગાળી શકશે ? કઇ રીતે એ લાંબા વિહારો કરી શકશે? એને ક્યાં અભ્યાસની સગવડ મળશે ?

શ્રેષ્ઠીના ચહેરા પરની ચિંતાઓ આચાર્યશ્રી પારખી ગયા. એમણે કહ્યું, 'શેઠ, વિચારવામાં સમય ગાળશો નહીં. આવી પ્રતિભા કેટલાંય વર્ષો બાદ પ્રગટ થતી હોય છે. એને ખીલવાનો પૂરો અવકાશ આપો.'

ધનિક શ્રાવકને ધર્મ પર અતૂટ અને અખૂટ આસ્થા હતી. એમણે આચાર્ય મહારાજની વાતનો સ્વીકાર કરીને પોતાની પૌત્રી ધનલક્ષ્મીને વહોરાવી દીધી. ધર્મલક્ષ્મીને નાની વયમાં સાધ્વીના બધાંજ યોગ સાંપડ્યા. એનાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યના યોગ કેવા સુંદર હશે ! ધર્મલક્ષ્મી સાચે જ ધર્મની લક્ષ્મી બની ગઇ.

આઠ વર્ષની ધર્મલક્ષ્મી ઉમંગભેર જૈન સાધ્વીનું જીવન ગાળવા લાગી. એની તેજસ્વી બુદ્ધિથી ધર્મનું ગહન તત્ત્વજ્ઞાન પામવા લાગી. માત્ર અગિયાર વર્ષની ઉંમરે એને સાતસો સાધ્વીની પ્રવર્તિની બનાવી. આટલી નાની વયે ધર્મલક્ષ્મીને સાધ્વી મહત્તરાનું પદ મળ્યું. ધર્મલક્ષ્મીની વિરલ જ્ઞાનોપાસના અને ઉત્કટ તપોસાધના સતત આગળ વધતી રહી. માત્ર ૨૮ વર્ષની ઉંમરે ધર્મલક્ષ્મી કાળધર્મ પામ્યાં, પરંતુ નાની વયની ધર્મલક્ષ્મીની ધર્મભાવના ચિરસ્મરણીય બની રહી.

ગુજરાતના માતર તીર્થના જિનાલયમાં સાધ્વી ધર્મલક્ષ્મીની પ્રતિમા મળે છે. કોઇ સાધ્વીજીની પ્રતિમા પ્રાપ્ત થતી હોય તેવું આ એક માત્ર ઉદાહરણ છે. આમેય જિનશાસનના સાધ્વી સમુદાયમાં આટલી નાની વયે આવી ઉત્કૃષ્ટ ધર્મઆરાધના વિરલ ગણાય.

卐

# ૧૩ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સાધ્વી સુનંદા

## (કર્મ ખપાવી કેવળજ્ઞાન)

જૈનદર્શને કર્મવાદનો અતિ ગહન વિચાર કર્યો છે. જગતમાં જે કંઇ બને છે તે સર્વે કર્માધીન છે. વળી કર્મને ભોગવ્યા વિના ચાલવાનું નથી. આવી કર્મની ગતિ સુનંદા અને રૂપસેનના જીવનમાં પ્રગટ થાય છે. સાધ્વી બનેલી સુનંદા વૈરાગ્યના રંગે રંગાઇ હતી. તપને કારણે અવધિજ્ઞાન પામીને સંયમનું પાલન કરતી હતી. પોતાની પૂર્વાવસ્થાને જાણતી સુનંદાએ એક વાર ગુરુણીને કહ્યું, 'મારે કારણે અત્યંત દુઃખ ભોગવતા અને જન્મ-મરણના ચક્રમાં ફસાયેલા રૂપસેનના મોહ પામેલા જીવનને બોધ આપવા માગું છું. આપ આજ્ઞા આપો તો હું વિદ્યાદ્વીપમાં જાઉં, જ્યાં હાથી રૂપે જન્મેલા રૂપસેનનો હું ઉદ્ધાર કરી શકું.'

પૂજ્ય ગુરુણીએ સાધ્વી સુનંદાના શબ્દો સાંભળીને કહ્યુ, 'તમે ખુશીથી જાઓ. જો કોઇ જીવનો ઉદ્ધાર થતો હોય તો હું એના માર્ગમાં અવરોધરૂપ કેમ બનું ?'

આ રીતે પોતાના ગુરુણીની આજ્ઞા લઇને સુનંદા સાધ્વી બીજા ચારેક સાધ્વીઓની સાથે સુગ્રામમાં આવ્યાં અને ત્યાં ચાતુર્માસ રહ્યાં.

સાધ્વી સુનંદાએ જાણ્યું કે રૂપસેનનો જીવ હાથીરૂપે જન્મ્યો છે અને તે નગરના લોકો માટે ભયનો અવતાર બની ગયો છે. એની અડફેટે જે ચડતું તેને એ પગ નીચે ક્રૂર રીતે છૂંદી નાખતો હતો. એને જોતાં જ લોકો મુઠ્ઠીમાં જીવ લઇને નાસતા હતા. એના ત્રાસના કારણે ગામના પાદરમાં

જતાં ગ્રામજનો ડરથી ફફડતા હતા.

સાધ્વી સુનંદા હાથીને પ્રતિબોધ આપવા માટે નિર્ભયતાથી એની પાસે ગયાં. નગરજનોએ એમને અકાળે મૃત્યુને આમંત્રણ નહીં આપવા ઘણું-ઘણું સમજાવ્યાં, પરંતુ સાધ્વી સુનંદા નીડરતાથી આગળ વધ્યાં. એવામાં ચિંઘાડતો હાથી દોડતો આવ્યો, પરંતુ સાધ્વીજીની આંખો સાથે આંખ મળતાં પૂર્વની રાગદશાને કારણે હાથી શાંત થઇને સ્થિર બની ગયો.

સાધ્વી સુનંદાએ કહ્યું, 'ક્યાં સુધી મોહવશ થઇ દુઃખી થવું છે ? મારા પરના મોહને કારણે કેટકેટલાં દુઃખો સહન કરે છે ? મોહપાશથી બંધાયેલા તેં અનુરાગ અને આશક્તિમાં છ-છ ભવ ગુમાવ્યા અને આ સાતમો ભવ વેડફી દેવા તૈયાર થયો છે, સમજ, જરા સમજ.'

સાધ્વી સુનંદાએ હાથીને એના પૂર્વભવોની વાત કરી. એણે કહ્યું, 'રૂપસેન, જ્યારે માનવઅવતારમાં હતો ત્યારે મારા પ્રત્યેના મોહમાં ભાન ભૂલ્યો અને એ અવતારમાં મને પ્રાપ્ત કરી શક્યો નહીં. બલકે ભીંત નીચે દટાઇને અકાળે મૃત્યુ પામ્યો. એ પછી તારો જીવ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા પૃથ્વીવલ્લભના ઉદ્યાનમાં રહેલી સાપણના પેટે જન્મ્યો. આ સમયે સાપણરૂપે રાજા પૃથ્વીવલ્લભની રાણી બનેલી મારી પાછળ પડ્યો. ત્યારે મારા પતિ પૃથ્વીવલ્લભે તને મારી નાખ્યો. ચોથા ભવમાં તારો જીવ કાગડો બનીને આવ્યો. એ સમયે રાજા પૃથ્વીવલ્લભ સાથે હું સંગીતની મહેફિલ માણતી હતી ત્યારે 'કા' ... 'કા' અવાજથી વિક્ષેપ પાડતાં તને ઉડાડવા પ્રયત્ન કર્યા, કિંતુ તારા

પ્રત્યેના મોહપાશનામાં બંધાયેલો તારો જીવ ત્યાંથી તસુભાર ખસતો નહોતો, તેથી રાજાએ તને મારી નખાવ્યો. એ પછી પાંચમાં ભવમાં તારો જીવ હંસ બન્યો. રાજા પૃથ્વાવલ્લભ સાથે હું ઘટાદાર વૃક્ષની છાયામાં બેઠી હતી, ત્યારે મારી પાસે બેસીને આનંદ અનુભવતો તું હંસરૂપે મધુર ગાન કરતો હતો. એવામાં એક કાગડો વિષ્ટા કરીને ઊડી ગયો. તું મોહવશ હંસ મને એકીટશે જોતો રહ્યો. રાજાના વસ્ત્ર પર કાગડાની વિષ્ટા પડતાં રાજા ગુસ્સે ભરાયો અને હંસને મારી નાખ્યો. એ પછી છઠ્ઠા અવતારમાં તું હરણ બન્યો. એ હરણને મારીને રાજા પૃથ્વીવલ્લભની સાથે ભોજન કરતી હતી, ત્યારે એક ચાર જ્ઞાનના ધારક મુનિએ મને મારા અને તમારા પૂર્વભવોની વાત કરી. કર્મની આવી ગતિ અને મોહદશાના પરિણામને જાણ્યા બાદ મારાં પોતાનાં પાપોની મુક્તિ માટે ચારિત્ર્ય ગ્રહણ કર્યું.'

સુનંદા સાધ્વી પાસેથી પોતાના છ પૂર્વભવોની વાત સાંભળીને એ હાથી એ તપ કરતો સમાધિયુક્ત મૃત્યુ પામ્યો અને આઠમા દેવલોકનો દેવ બન્યો. સમય જતાં અંતે એ સિદ્ધિ પદ પામ્યો. એ જ રીતે સુનંદા સાધ્વી પણ કર્મો ખપાવી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અક્ષયપદ પામ્યાં.

卐

# ૧૪ શ્રેષ્ઠ શ્રમણી શ્રી પાહિણીમાતા

## (પુત્રના માર્ગે માતાનો સંયમ ગ્રહણ)

મહાન પુત્રને જન્મ આપનારી મહાન માતા એટલે સાધ્વી પાહિણી. ધંધુકાના મોઢ જ્ઞાતિના શેઠ સાચો (સાચિગ)ની પત્ની પાહિણી પ્રસિદ્ધ શ્રેષ્ઠી નેમિનાગની બહેન હતી. એક વખત રાત્રે પાહિણીએ સ્વપ્નમાં ચિંતામણિ રત્ન જોયું. બે હાથમાં રહેલું એ દિવ્ય રત્ન પાહિણીને ગ્રહણ કરવાનું કોઈ કહેતું હતું. સ્વપ્નમાં પાહિણીએ એ રત્ન ગ્રહણ કર્યું અને એ રત્ન પાહિણીએ ગુરુને અર્પણ કર્યું. સ્વપ્નમાં આંખમાં હર્ષનાં આંસુ ઉભરાયા અને એ સમયે એની આંખ ઊઘડી ગઈ.

પાહિણીએ વિચાર્યું કે ગુરુદેવ દેવચંદ્રસૂરિજી આ નગરમાં જ છે, તો સ્વપ્નના ફલ વિશે એમને પૂછી આવું. આચાર્ય દેવચંદ્રસૂરિએ કહ્યું," તું એક નરમણિને જન્મ આપીશ, જે મોટો થતાં ગુરુમણિ બનશે. મહાન આચાર્ય બનીને જિનશાસનને શોભાવશે. આ ગુરુવચનોથી પાહિણીના આનંદનો પાર ન રહ્યો. પાહિણીને ગુરુ તરફ અપાર શ્રદ્ધા હતી. પોતાનો પુત્ર જીવનની પરમોચ્ચ સિદ્ધિ પામે તેવી ઝંખના માતાને હોય જ. સાધુતાને જીવનનું સર્વોચ્ચ શિખર માનતી પાહિણી આનંદવિભોર બની ગઈ. પોતાનો પુત્ર મહાન આચાર્ય બનશે એ ભવિષ્યકથા ને એના હૃદયને આનંદિતકરી દીધું.

વિ.સં. ૧૧૪૫ના કારતક સુદ પૂનમની રાત્રે એણે એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો. માતા-પિતાએ એનું નામ ચંગદેવ (ચંગ એટલે ઉત્તમ) રાખ્યું. નાનકડો ચંગદેવ એકવાર આચાર્યશ્રીની પાટ પર બેસી જાય છે. સમય જતા ચંગદેવને માતાપિતા દીક્ષા માટે અનુમતિ આપે છે. એનું નામ મુનિ

સોમચંદ્ર રાખવામાં આવ્યું અને સમય જતાં વિદ્વાન એવા એ મુનિને વિ.સં. ૧૧૬૬ના વૈશાખ વદ ત્રીજના દિવસે મધ્યાહ્ન સમયે આચાર્યપદવી આપીને એમનું નામ હેમચંદ્રસૂરિ રાખ્યુ. આ પ્રસંગે એમનાં માતા પાહિણીદેવી ઉપસ્થિત હતાં. એમના હૃદયમાં એવો ઉલ્લાસ જાગ્યો કે પુત્રની આચાર્યપદવી સાથે માતાએ પણ સંયમમાર્ગ ગ્રહણ કર્યો. માતા પાહિણી સાધ્વી પાહિણી બન્યાં અને પ્રવર્તિનીનું પદ અર્પણ કરવામાં આવ્યું. સાધ્વી પાહિણી તપ અને ત્યાગમાં લીન બની ગયા.

આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય વિહાર કરતાં-કરતાં પાટણમાં પધાર્યા હતા. અહીં પૂજ્ય પ્રવર્તિની પાહિણીએ અનશન આદર્યું હતું. એમના અંતરમાં પોતાના પુત્ર હેમચંદ્રસૂરિનું અપૂર્વ જ્ઞાન જોઈને આનંદ પ્રવર્તતો હતો. એમની વિશિષ્ટ યોગસિદ્ધિ અને મહાન શાસનપ્રભાવના જોઈને સાધ્વી પાહિણી અતિ પ્રસન્ન હતાં. શ્રી હેમચંદ્રચાર્ય પણ માતા સાધ્વીની પૂરી કાળજી રાખતાં હતાં. માતા પ્રત્યે એમના અંતરમાં અગાઢ ભક્તિભાવ હતો. આસપાસનું સાધ્વીવૃંદ એમને અંતિમ આરાધના કરાવતું હતું.

સાધ્વી માતા પાસે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય એમના શિષ્યો સાથે દર્શને આવ્યા. પ્રવર્તિની પાહિણી કાળધર્મ પામ્યાં ત્યારે શ્રાવકોએ પુણ્યમાં ત્રણ કરોડ વાપર્યા. વીતરાગ ધર્મના આચાર્ય પોતાની તેજસ્વી અને ધર્મનિષ્ઠ માતાને શું આપી શકે ? એમણે ત્રણ લાખ શ્લોકનું પુણ્ય માતાને આપ્યું. ઇતિહાસમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની પ્રકાંડ વિદ્વત્તા અને ધર્મપ્રભાવકતાને યાદ કરવામાં આવે છે, તો તેની સાથો સાથ એમની માતા પ્રવર્તિની પાહિણીની ઉચ્ચ ભાવનાને અને ઉત્કટ ધર્મપરાયણતાને પણ યાદ કરવામાં આવે છે.

卐

# ૧૫ શ્રેષ્ઠ શ્રમણી શ્રી તરંગવતી

## (પૂનર્જન્મ મિલન)

રાજા કૂણિકના રાજ્યમાં સાધ્વી તરંગવતી ગોચરી લેવા ગઈ હતી. ધનાઢ્ય શ્રેષ્ઠીની પત્નીએ સાધ્વીનું અનુપન સૌંદર્ય જોતાં એને સાહજિક જિજ્ઞાસા જાગી, કે શા માટે આ અતિ સૌંદર્યવાન નારીએ સંસાર ત્યાગ કર્યો હશે ? ધનાઢ્ય શેઠની પત્નીએ આનું રહસ્ય જાણવા વારંવાર પ્રશ્નરૂપે વિનંતી કરતાં અંતે સાધ્વી તરંગવતીએ પોતાના ભૂતકાળના જીવનવૃત્તાંતનું રહસ્ય પ્રગટ કર્યું.

પૂર્વજન્મમાં તરંગવતી ચક્રવાકની સાથે ચક્રવાકી તરીકે ગંગા નદીના કિનારે સુખપૂર્વક રહેતી હતી. ગંગાના કિનારે ગેલથી ખેલતો ચક્રવાક શિકારીના હાથે વીંધાઈ ગયો. ચક્રવાકને મૃત્યુ પામેલો જોઇને ચક્રવાકી વિરહની વેદનાથી તડપવા લાગી. આ પ્રેમીયુગલ ખંડિત થયું, પરંતુ ચક્રવાકના વિરહમાં ડૂબેલી ચક્રવાકીથી આ વિરહ અસહ્ય બનતા એણે પ્રાણત્યાગ કર્યો.

તરંગવતીને પોતાના આ પૂર્વજન્મનું સ્મરણ થયું. એની સાથે એક સવાલ જાગ્યો કે પોતાના ગત જન્મનો આવો પ્રેમી કયાં હશે ? એની ભાળ મેળવવા તરંગવતી અતિ આતુર બની. એણે વિચાર્યું કે જો એની પેઠે એના પ્રિયતમને પૂર્વજન્મની ઘટનાનો સંકેત મળે તો કદાચ પુનઃમેળાપ થાય. તરંગવતીએ પોતાના પૂર્વજન્મના સમગ્ર વૃત્તાંતનું ચિત્ર બનાવીને કૌમુદી મહોત્સવ સમયે કૌશાંબી નગરીના ચાર રસ્તા પર મૂક્યું.

આ ચિત્રપટ જોઇને શ્રેષ્ઠી પુત્ર પદ્મદેવને પોતાના પૂર્વજન્મનું સ્મરણ

થયું. પરિણામે એક ભવમાં વિખૂટાં પડેલા બે પ્રિયજનો બીજા ભવમાં પુનઃમિલન પામ્યા, પરંતુ વળી એમના જીવનમાં નવી આફત ઊતરી આવી. શ્રેષ્ઠી પુત્ર પદ્મદેવની આર્થિક સ્થિતિ સામાન્ય હોવાથી તંરગવતીના પિતાએ આ યુવક સાથે એના વિવાહ કરવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો. કિંતુ તરંગવતી અને પદ્મદેવના પ્રગાઢ પ્રેમને કોણ રોકી શકે ? એક રાત્રે નૌકામાં બેસીને બંને નાસી છૂટ્યાં. ઠેર ઠેર ઘૂમતા રહ્યાં. આજે અહીં, તો કાલે ત્યાં - એમ રોજ સ્થળ બદલતાં રહ્યાં. એવામાં એકવાર ચોરોની ટોળકીએ આ બંનેને પકડી લીધાં અને કાત્યાયની દેવીને આ બંનેનો બલિ ચઢાવવાનું નક્કી કર્યું. આ સાંભળીને તરંગવતી ધ્રુસકેને ધ્રુસકે રોવા લાગી. એનું આવું આક્રંદ જોઇને ચોરોના સરદારનું હૃદય પીગળ્યું. એણે આ બંને બંદીવાનોને મુક્ત કર્યા. ફરી બંનેનો રઝળપાટ શરૂ થયો. વર્ષો પછી ફરી બંને કૌશાંબી નગરીમાં આવ્યાં. પુત્રીની વીતક કથા સાંભળીને અને એના સાચા પ્રેમને જાણીને તરંગવતીના પિતાએ ધામધૂમથી બંનેનાં લગ્ન કરાવ્યાં.

કર્મની ગતિ કેવી અકળ છે ! તરંગવતી અને પદ્મદેવનાં લગ્ન થતાં સંસારનો એક અધ્યાય પૂરો થયો. એમની પ્રીતિને પૂર્ણત્વ મળ્યું, પરંતુ જીવનનું પૂર્ણત્વ હજી પામવાનું હતું. એક સાંજે ગંગા કિનારે મુનિરાજનો સહયોગ થયો. મુનિરાજ એ પૂર્વજન્મમાં ચક્રવાકને વીંધનાર શિકારી હતા. એમણે ચક્રવાક પાછળ ચક્રવાકીનો પ્રાણત્યાગ જોયો. ચક્રવાકની ચિંતામાં ઝંપલાવતી ચક્રવાકીને જોઇને આ શિકારીને પોતાની ભૂલ સમજાઇ. પોતાના ક્રૂર કાર્યને માટે જાત પર ફિટકાર વરસાવવા લાગ્યા અને શિકારીએ પણ પ્રાયશ્ચિત કર્યું.

卐

# ૧૬ શ્રેષ્ઠ શ્રમણી શ્રી ઇશ્વરી

## (ધર્મભાવનાથી અભિશાપ આશીર્વાદ બન્યો)

સોપારક નગરમાં એક-બે-વર્ષ નહીં, પણ સતત બાર વર્ષ કારમો દુષ્કાળ પડ્યો. ગરીબ માનવીઓ તો દુષ્કાળના ખપ્પરમાં હોમાઈ ગયા. અમીરોનું અઢળક ધન પણ એક મુઠ્ઠી ચોખા લાવી શકે તેમ નહોતું. ધરતી ઉજ્જડ હતી અને એના પર મોતના ઓથાર હેઠલ હાડપિંજર જેવાં માનવી હરતાં-ફરતાં હતાં. દુષ્કાળની આવી પરિસ્થિતિમાં સોપારક નગરના જિનદત્ત શેઠનું કુટુંબ પણ ઘેરાયું હતું. એક કોળિયો અન્ન મેળવવાનાં ફાંફાં હતાં. આખરે વિચાર કર્યો કે જિનદત્ત, એમની પત્ની ઇશ્વરી તથા સમગ્ર પરિવાર વિષયુક્ત ભોજન કરીને મોતની ચાદર ઓઢી લે.રોજના પળે પળે થતાં મૃત્યુ કરતાં એક વાર મોતની વેદના સહન કરવી વધુ સારી લાગી. ભોજનમાં વિષ મેળવવા માટે અનાજની જરૂર તો પડે. આખરે એક લાખ સોનામહોર આપીને શેઠ જિનદત્ત પોતાના પરિવાર માટે બે મુઠ્ઠી ચોખા મેળવી શક્યા. ઇશ્વરીએ ભોજન તૈયાર કર્યું. એ પછી તત્કાળ પ્રાણ હરી લે તેવું કાળકૂટ વિષ કાઢ્યું અને ઇશ્વરી તે ભોજનમાં ભેળવવા જતી હતી ત્યાં જ યુગપ્રધાન આચાર્ય વજ્રસેનસૂરિનો 'ધર્મલાભ' એવો મંગલ મધુર અવાજ સંભળાયો. ઇશ્વરીએ માન્યું કે જીવન ભલે ઝેર જેવું બન્યું હોય પણ ઝેર લેવાની વેળાએ કેવા મહાન આચાર્યના દર્શનનો લાભ પ્રાપ્ત થયો ! ઇશ્વરીએ ગદ્‌ગદ બનીને મુનિને ભક્તિસહિત ભાવપૂર્વક વંદન કર્યા.

શ્રેષ્ઠી પત્ની ઇશ્વરીના હાથમાં વિષ જોઇને આચાર્યશ્રીએ એનું રહસ્ય પૂછ્યું. ઇશ્વરીએ આચાર્યશ્રીને યથાર્થ હકીકત કહી સંભળાવી.

આ સાંભળતાં જ આચાર્ય વજ્રસેનને પોતાના ગુરુએ કરેલી ભવિષ્યવાણીનું સ્મરણ થયું. ગુરુએ એમ કહ્યું હતું કે જ્યારે લક્ષપાક (એક લાખ સોનામહોર) આપીને મેળવેલા ભોજનમાં ઘરની શ્રાવિકાને વિષ ભેળવતી જુઓ, ત્યારે સમજી લેજો કે બીજા જ દિવસથી દુષ્કાળને કારણે ઊભી થયેલી અન્નની અછત દૂર થઈ જશે.

આચાર્ય વજ્રસેને ઈશ્વરીને કહ્યું, "ભૂખના દુઃખથી વિષ ઘોળવાની જરૂર નથી. આવતી કાલે સૌને જરૂરી અન્ન મળી રહેશે. ઈશ્વરી જાણતી હતી કે સત્યવક્તા આચાર્યોનાં વચન કદી મિથ્યા થતાં નથી. એ રાત્રે સોપારકનગરના બંદર પર અનાજથી ભરેલાં જહાજો આવ્યાં અને સહુને જરૂરી અનાજ મળી ગયું. ભયાનક આફતના ઓળા ઊતરી ગયા. શેઠ જિનદત્તના ઘરે અન્ન પહોંચ્યું અને આખા કુટુંબે ભૂખ્યા પેટની ભભૂકતી આગને ઠારી.

જિનદત્તની પત્ની ઈશ્વરી આ ઘટનાના મર્મ પર ઊંડું ચિંતન કરવા લાગી. જો આચાર્ય દેવ થોડી ક્ષણો મોડા આવ્યા હોત તો કેવી હાલત થઈ હોત ? ઈશ્વરીએ પોતાના પતિ અને ચારેય પુત્રને કહ્યું, "મુનિરાજે આપણને જીવનદાન આપ્યું છે. હવે ભવોભવનાં દુઃખ નિવારવા માટે આપણે એમની પાસેથી સંયમદાન મેળવીએ."

ઈશ્વરીની આ વાત સહુને સાચી લાગી. ઈશ્વરીએ જીવનમાં આવેલી ઉપાધિને આનંદ સમાધિમાં ફેરવી દીધી. અભિશાપને આશીર્વાદમાં પલટી નાખ્યો. વિષમુક્ત આહારની ઘટનાને વરદાનના રૂપમાં બદલી નાખી.

卐

# ૧૭ શ્રેષ્ઠ શ્રમણી શ્રી સુકુમાલિકા

## (સંયમનો કપરો માર્ગ સાર્થક બનાવ્યો)

રાજકુમારી સુકુમાલિકા અત્યંત સ્વરૂપવાન હતી. એના બંને ભાઈઓએ જૈનાચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. ભાઈઓના ચહેરા પર સાધુતાનું તેજ ચમકતું હતું. રાજકુમારીને પણ એ પંથે પ્રયાણ કરવાનું મન થયું. સંયમનો પંથ કેવો મહાન ! કર્મના બંધન તૂટે અને મુક્તિનો માર્ગ સાંપડે. પોતાના બંને ભાઈઓની ધર્મભાવનાનો પ્રતિઘોષ બહેનના અંતરમાં જાગ્યો. રાજકુમારી સુકુમાલિકા રાજમહેલના સુખ છોડીને ત્યાગના પંથે નીકળી. એના હૃદયમાં ધર્મભાવનાઓનો સાગર લહેરાતો હતો.

રાજકુમારી સુકુમાલિકા સાધ્વી બની. એણે પોતાના બાહ્ય સૌંદર્યને તપ અને ત્યાગથી આંતરિક સૌંદર્યમાં પલટાવી નાખવાનો વિચાર કર્યો. તપને કારણે બાહ્ય રૂપ કરમાય, પરંતુ અંદરનું રૂપ સોળે કળાએ ખીલી ઊઠે. તપ એ તો આધ્યાત્મિક જીવનની વસંત છે. એવી વસંત કે ખીલ્યા એ પછી ક્યારેય પાનખર આવતી નથી. સાધ્વી સુકુમાલિકા અનશન કરીને ઉગ્ર તપ કરવા માંડી. એના બંને મુનિબંધુઓ ઘોર તપશ્ચર્યા કરતી પોતાની ભગિનીની રક્ષા માટે ચોકી કરવા લાગ્યા.

સાધ્વી સુકુમાલિકાની અનશનયુક્ત તપોયાત્રા અવિરતપણે ચાલવા લાગી. નિર્વિઘ્ને ચાલતી આ તપયાત્રામાં ઉત્કૃષ્ટતા આવી અને સાધ્વી સુકુમાલિકા તપને કારણે ધરતી પર ઢળી પડ્યાં. બંને ભાઈઓને લાગ્યું કે પોતાની ભગિની મૃત્યુ પામી છે, આથી તેઓ એના શરીરને વનમાં મૂકીને નગરમાં આવ્યા.

થોડી વારમાં વનના શીતળ પવનથી સુકુમાલિકા જાગી. જાણે એની

કાયામાં પ્રાણ આવ્યો. તે ઊઠી. આસપાસમાં જોયું, તો પોતાના મુનિબંધુઓ ક્યાંય દેખાય નહીં. એ ભયભીત બની ગઈ. આ ઘોર વનમાં એનું શું થશે? આ સમયે આ વનમાંથી પોઠો પર માલસામાન મૂકીને એક સાર્થવાહ પસાર થતો હતો. આ સાર્થવાહે જંગલમાં એકલી, અટૂલી, આક્રંદ કરતી સાધ્વીને જોઇ. એના હૃદયમાં દયા જાગી. એ સુકુમાલિકાને પોતાના ઘેર લઇ ગયો અને નિર્દોષ ભાવ અને નિર્વ્યાજ સ્નેહથી એની સેવા કરવા લાગ્યો. અતિ પરિચયને કારણે સંજોગવશાત બંને વચ્ચે અનુરાગ જાગ્યો. સુકુમાલિકા સાર્થવાહની પત્ની બની અને એનો સંસાર સંભાળવા લાગી. જીવનમાં પર્વતના ઊંચા ચઢાણ સદાય કપરાં છે. ઊર્ધ્વગમનના એક-એક સોપાન ચઢવા સદાય કપરાં છે. આ માટે દૃઢ સંકલ્પબળ અને પ્રબળ પુરુષાર્થ જોઇએ. જ્યારે પતનની ખીણમાં ઊતરવા માટે કોઇ પગથિયાં હોતા નથી. એની લપસણી ભૂમિ પર માનવી લપસતો જ ચાલ્યો જાય !

એક વાર આ નગરમાં બે મુનિઓ આવ્યા અને ફરતા-ફરતા ગોચરી માટે આ સાર્થવાહને ત્યાં આવી પહોંચ્યા. આ બંને મુનિઓએ સંસારી બનેલી સુકુમાલિકાને ઓળખી નહીં, પરંતુ સુકુમાલિકા તરત જ પોતાના બંને મુનિ ભાઈઓને ઓળખી ગઈ. બંને મુનિઓએ સાચી પરિસ્થિતિ અને બનેલી ઘટનાઓ જાણી. પોતાની બહેનને પુનઃ સંસારમાં આવેલી જોઇએ મુનિરાજોને ઊંડો આઘાત લાગ્યો.

સુકુમાલિકાને પણ ભૂતકાળનું સ્મરણ થયું અને ફરી સંયમ લઇને જ તપશ્ચર્યાનો માર્ગ ગ્રહણ કર્યો. એણે અનશન લીધું અને આત્મકલ્યાણ સાધી ભવને સાર્થક બનાવ્યો.

卐

# ૧૮ શ્રેષ્ઠ શ્રમણી શ્રી મદનરેખા
## (સુવ્રતા અને ધર્મઉપદેશક)

સુદર્શનપુર નગરના મણિરથ રાજાના નાનાભાઇ યુગબાહુની પત્ની મદનરેખા અત્યંત સૌંદર્યવાન હતી. એના સૌંદર્ય પાછળ મુગ્ધ બનેલા મણિરથ રાજાએ કીમતી આભૂષણો, વસ્ત્રો અને સુગંધિત પુષ્પો મોકલીને મદનરેખાને કામક્રીડા માટેનો સંદેશો મોકલાવ્યો. ત્યારે મદનરેખાએ રાજાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, નાનાભાઇના પત્ની વિશે આવો વિચાર કરવો આપને શોભતો નથી.

રાજા મણિરથે મદનરેખાને યેનકેન પ્રકારેણ પ્રાપ્ત કરવા માટે પોતાના લઘુબંધુ યુગબાહુની હત્યા કરવાનો નિમ્ન વિચાર કર્યો. વસંતપુર નગરમાં આવેલા કદલીગૃહમાં એક વખત યુગબાહુ નિદ્રાધીન હતો ત્યારે એકાએક મણિરથે તલવારથી પ્રાણઘાતક હુમલો કર્યો. વ્યાકુલ મદનરેખાની ચીસો સાંભળીને દોડી આવેલા સુભટોએ રાજાને ઝડપ્યો તો ખરો, પરંતુ ક્ષમામૂર્તિ યુગબાહુએ સુભટોને કહ્યું કે મારા મોટાભાઇનો વધ કરશો નહીં. આ તો મારા પૂર્વજન્મનું ફળ છે. કર્મની ગતિ અનેરી છે. વનમાંથી પસાર થઇ રહેલા મણિરથ રાજાને સર્પદંશ થતાં એનું મૃત્યુ થયું.

યુગબાહુ અંતિમ શ્વાસ લઇ રહ્યા હતા ત્યારે તેમનો પુત્ર ચંદ્રયથા ત્યાં આવી પહોંચ્યો. મદનરેખાએ પતિને સર્વ જીવોને ખમાવીને અંતિમ સમયની આરાધનાની અમૃતવાણી સંભળાવી. આ ધર્મવાણીનું શ્રવણ કરતાં શુભ ધ્યાનમાં લીન બનેલા યુગાબહુ બ્રહ્મદેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા. બીજી બાજુ પૃથ્વી પર મદનરેખા અત્યંત વ્યથિત બની

ગઇ. પોતે પતિના મૃત્યુનું નિમિત્ત બની તે માટે પોતાની જાત પ્રત્યે ધિક્કારનો ભાવ અનુભવતી એકાંત જંગલમાં ગુપ્તવાસ કરવા લાગી. આ જંગલમાં એને બીજો પુત્ર જન્મ્યો. એના હાથ પર યુગબાહુના નામથી અંકિત વીંટી પહેરાવી. નવજાત શિશુને રત્નકંબલમાં વીંટાળીને વૃક્ષની છાયામાં મૂકીને એ સ્નાન કરવા જલાશય તરફ ગઇ.

જળાશયમાં સ્નાન કરતી મદનરેખાને જળહસ્તિએ સૂંઢથી વીંટાળીને આકાશમાં ઉછાળી. આકાશમાંથી પસાર થતાં વિદ્યાધરે એનું રક્ષણ કર્યું. વિદ્યાધર પણ મદનરેખાના રૂપ પર મોહિત બન્યો. કામાસક્ત વિદ્યાધરને એના પિતા મુનિરાજ મણિચૂરે સંસારની અસારતા, સૌંદર્યની ક્ષણભંગુરતા અને પરસ્ત્રીગમનના પાપની વાત કરતાં. વિદ્યાધરના હૃદયની ચોપાસ જામેલાં વિષયના વાદળો દૂર થયા. કાદવમાં કમળ ઊગે તેમ એણે મદનરેખાની ક્ષમાયાચના કરીને એને પોતાની ભગિની બનાવી.

મિથિલા નગરીમાં આવેલી મદનરેખાને જાણ થઇ કે ભરતખંડના સુદર્શનપુર નગરના રાજા ચંદ્રયથા અને મિથિલાના રાજવી બનેલા નમિકુમાર એકબીજા સામે યુદ્ધે ચડ્યા છે. એ સમયે મદનરેખા દીક્ષા લઇને સુવ્રતા સાધ્વી બની હતી. એણે ગુરુની આજ્ઞા લઇને યુદ્ધનો મહાસંહાર રોકવા રણભૂમિ પર પ્રયાણ કર્યું. યુદ્ધભૂમિ પર મદનરેખાએ ધર્મોપદેશ આપ્યો અને પછી એકાંતમાં બન્ને રાજવીઓને એમનો પૂર્વવૃત્તાંત કહેતા બંને સગા ભાઇઓ એકબીજાને ભેટી પડ્યા. પરિણામે યુદ્ધના મહાસંહારને બદલે વિખૂટા પડેલા ભાઇઓના મિલનનો મહોત્સવ રચાઇ ગયો.

卐

# ૧૯ શ્રેષ્ઠ શ્રમણી શ્રી પુષ્પચૂલા

## (ગુરુસેવાનું ઉત્તમ ઉદાહરણ)

પૃથ્વીપુરમાં રાજા પુષ્પકેતુ અને રાણી પુષ્પાવતીને ત્યાં જોડિયા પુત્ર-પુત્રીના જન્મ થયો. પુત્રનું નામ પુષ્પચૂલ અને પુત્રીનું નામ પુષ્પચૂલા રાખ્યું. પુત્ર-પુત્રી યુવાન થતાં રાજાએ એમના વિવાહનો વિચાર કર્યો. પણ સવાલ એ જાગ્યો કે બંને એક ક્ષણ પણ અળગાં રહી શકતા નથી તો તેઓ કઇ રીતે અન્યની સાથે અળગાં રહીને જીવન ગાળી શકશે ? ઊંડા વિચારને અંતે રાજાએ નાછૂટકે બંનેને પરસ્પરને અનુરૂપ માનીને એમનો વિવાહ યોજ્યો.

આ ઘટનાએ રાણી પુષ્પાવતીના હૃદયમાં મંથન, વેદના અને વિચારની ભીષણ આંધી જગાવી. રાણીને આવા અનુરાગથી ભરેલા સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો. એમણે તપશ્ચર્યા કરી અને તે સ્વર્ગલોકની દેવી બન્યાં.

સમય જતાં પૃથ્વીપુરની ગાદી પર રાજા પુષ્પચૂલ અને રાણી પુષ્પચૂલા બિરાજ્યાં. દેવી બનેલી માતાએ અવધીજ્ઞાનથી પુત્ર અને પુત્રીના હિન કર્મો નિહાળ્યાં. વ્યથિત બનલી દેવીએ રાણી પુષ્પચૂલાને સ્વર્ગ અને નરકનાં સ્વપ્નો બતાવ્યાં. આ સમયે આચાર્ય અરણિકાપુત્રને રાણી પુષ્પચૂલાએ આ સ્વપ્નોનો અર્થસંકેત પૂછ્યો. આચાર્યશ્રીએ આ સ્વપ્નોનો મર્મ પ્રગટ કરતાં કહ્યું કે સારાં કર્મ કરનારનો આત્મા એનો મિત્ર છે અને દુષ્કર્મ કરનારનો આત્મા એનો શત્રુ છે.

રાણી પુષ્પચૂલાના હૃદયમાં પસ્તાવાનું વિપુલ ઝરણું વહેવા લાગ્યું. આચાર્ય અરણિકાપુત્રની ધર્મદેશનાએ એમની આંખ આગળથી

મોહ અને અજ્ઞાનનાં પડળ દૂર કરી નાખ્યાં. રાણી પુષ્પચૂલાએ પોતાના પતિ પાસે સંયમ ધારણ કરવા કાજે અનુમતિ માગી. રાજાએ દીક્ષાની સંમતિ આપી,પણ સાથે એવી શરતેય મૂકી કે દીક્ષા લીધા બાદ મારે ત્યાંથી જ ગોચરી ગ્રહણ કરવી. આ સમયે આચાર્ય અરણિકાપુત્રે પોતાના શ્રુતજ્ઞાનથી ભવિષ્યમાં આવી રહેલા ભીષણ દુષ્કાળને નીરખ્યો. આવું દુઃખદ ભવિષ્ય જાણીને એમણે પોતાના શિષ્યોને દૂરદૂરના પ્રદેશમાં મોકલી આપ્યા. આચાર્યશ્રી અરણિકાપુત્રને વૃદ્ધાવસ્થાને કારણે આજ સ્થળે રહેવું પડ્યું. સાધ્વી પુષ્પચૂલાએ અપાર શ્રદ્ધા સાથે ગુરુસેવા કરી. પરિણામે એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એક વાર વરસતા મુશળધાર વરસાદમાં સાધ્વી પુષ્પચૂલા બહારથી ગોચરી લઈને આવી. ગુરુએ એમને આ વિષયમાં પ્રશ્ન કર્યો ત્યારે અચિત વૃષ્ટિમાં આહાર લાવવાના પોતાના કાર્યની યથાર્થતા દર્શાવી.

આ સમયે ગુરુને ખ્યાલ આવ્યો કે પુષ્પચૂલા તો કેવળજ્ઞાનને પામ્યાં છે. ગુરુએ એમને કેવલી જાણીને એમની સેવા લેવા માટે ક્ષમા માંગી. સાધ્વી પુષ્પચૂલા તો મહાન ગુરુના ઉદાર ભાવ જોઈને અંતરથી ધન્ય બની ગયાં. ક્ષમા એ જીવનનો આનંદ અને તપની વસંત છે. વસંતનું આગમન થતાં કુદરત જેમ સોળે કળાએ ખીલી ઊઠે, એજ રીતે ક્ષમાને જીવનમાં સ્થાન આપનારના આત્માના ગુણોની વસંત ખીલી ઊઠે છે. ક્ષમાનો જન્મ થાય છે હૃદયની વ્યાપકતામાંથી. એનો વિચાર જાગે છે ગુણોની સમૃદ્ધિમાંથી અને એને પરિણામે પ્રાપ્ત થાય છે સમતારસભરી ચિત્તશાંતિ. ભગવાન મહાવીરના સમયમાં થયેલી સાધ્વી પુષ્પચૂલાના જીવનમાં ગુરુઆજ્ઞા, ગુરુસેવા અને ગુરુભક્તિનો મહિમા જોવા મળે છે.

卐

# ૨૦ શ્રેષ્ઠ શ્રમણી શ્રી દેવાનંદા

## (ભગવાન મહાવીરની માતા)

ભગવાન મહાવીરનો ચૌદમો ચાતુર્માસ બ્રાહ્મણકુંડની નજીક આવેલા બહુસાલ નામના ઉદ્યાનમાં હતો. ભગવાન મહાવીરના આગમનના સમાચાર સાંભળીને બ્રાહ્મણકુંડ ગામનો બ્રાહ્મણ ઋષભદત્ત અને એમની પત્ની દેવાનંદા રથમાં બેસીને બહુસાલ ઉદ્યાનમાં આવ્યાં હતાં. એમણે વિધિપૂર્વક વંદન કરીને ભગવાનની દેશનાનું શ્રવણ કર્યું. આ સમયે દેવાનંદા ભગવાન મહાવીર સામે એકીટશે નીરખી રહ્યાં હતાં. ચાતક ચંદ્રને નીરખી રહે એમ ભગવાન મહાવીરને નિહાળતા દેવાનંદાનું માતૃવાત્સલ્ય ઊભરાતાં એમના ઉરમાંથી દૂધની ધારા વહી નીકળી.

આ દૃશ્ય નિહાળી રહેલા જ્ઞાની ગૌતમને અપાર આશ્ચર્ય થયું. એમણે ઉત્સુક્તાથી ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો, "ભગવાન ! આ બ્રાહ્મણનારી દેવાનંદાનું શરીર આપના દર્શનને કારણે આટલું બધું પુલકિત કેમ થઇ ગયું ? એની આખોમાંથી હર્ષના આંસુ અને ઉરમાંથી દૂધની ધારા કેમ વહી નીકળ્યાં ?"

ભગવાન મહાવીરે ઉત્તર આપ્યો, "ગૌતમ ! દેવાનંદા મારી માતા છે. હું એનો પુત્ર છું. દેવાનંદાના શરીરમાં જે ભાવ પ્રગટ થયો તેનું કારણ મારા તરફનો પુત્રસ્નેહ છે."

પ્રાણતકલ્પ દેવલોકમાંથી ભગવાન મહાવીરનો જીવ ચ્યવીને દેવાનંદાની કુક્ષીમાં અષાઢ સુદ ૬ના દિવસે ગર્ભરૂપે ઉત્પન્ન થયો. દેવાનંદાએ ચૌદ સ્વપ્નો જોયાં. એના પતિ ઋષભદત્ત બ્રાહ્મણે કહ્યું કે આ સ્વપ્નનો મર્મ એ છે કે એની કુખે સર્વગુણસંપન્ન મહાપ્રભાવશાળી

પુત્રરત્નનો જન્મ થશે. આનંદવિભોર બનેલી દેવાનંદાના શરીરની કાંતિ અને લાવણ્ય વધુને વધુ તેજ ધારણ કરતાં ગયાં. ૮૨દિવસ બાદ દેવાનંદાએ પૂર્વે જોયેલા સ્વપ્નને કોઇ ચોરી જતું હોય તેવો અનુભવ કર્યો. વાસ્તવમાં ભગવાન મહાવીરનો ગર્ભ દેવાનંદની કુક્ષીમાં આવ્યો હતો. મરીચિના ત્રીજા ભવમાં કરેલા કુળાભિમાનને કારણે આવું બન્યું હતું. દેવરાજ ઇન્દ્રે આ ઘટના જોઇ. એમણે હરિણેગમૈષી દેવને બોલાવ્યા અને કહ્યું કે તમારે તમારી શક્તિથી અસાધ્ય એવું કાર્ય કરવાનું છે. દેવાનંદાની કુક્ષીનો ગર્ભ ત્રિશલાની કૂખમાં મૂકવાનો છે. અને ત્રિશલાનો ગર્ભ દેવાનંદાના ઉદરમાં મૂકવાનો છે. આ ગર્ભ પરિવર્તન એવી રીતે થવું જોઇએ કે બંને માતાઓને લેશમાત્ર પીડા કે વેદના ન થાય. દેવરાજ ઇન્દ્રની આજ્ઞા પ્રમાણે હરિણેગમૈષી દેવે ગર્ભ પરિવર્તન કર્યું.

પોતાના પૂર્વજન્મની આ કરુણ ઘટનાઓ જાણતાં દેવાનંદાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. ઋષભદત્ત અને દેવાનંદા બ્રાહ્મણ હોવા છતાં જીવ-અજીવ, પુણ્ય-પાપ આદિ તત્ત્વોના જાણકાર અને પાર્શ્વનાથ પરંપરામાં શ્રદ્ધા ધરાવનારા શ્રમણોપાસક હતા. ભગવાન મહાવીરે એમની માતા દેવાનંદા અને પિતા ઋષભદત્તને ઉપદેશ આપ્યો અને બન્નેની દીક્ષાની ભાવના જોઇ એમને સાધુતાના પંથે વાળ્યા. દેવાનંદાએ સાધ્વી ચંદનબાળાની નિશ્રામાં રહીને સંયમધર્મની આરાધના કરી. અગિયાર અંગોનું અધ્યયન કર્યું. વર્ષો સુધી તપ અને વ્રતપાલન કરીને એણે કર્મક્ષય કર્યો અને મોક્ષની પ્રાપ્તિ કરી.

卐

# ૨૧ શ્રેષ્ઠ શ્રમણી શ્રી મૃગાવતી

## (દિવ્યજ્ઞાનની પ્રાપ્તિ)

એક વખત કૌશાંબી નગરીના રાજદરબારમાં એક યુવાન ચિત્રકાર આવ્યો. એને એવું દૈવી વરદાન પ્રાપ્ત થયું હતું કે કોઇ પણ વ્યક્તિના અંગનો એક ભાગ જોઇને એનું પૂર્ણ ચિત્ર સર્જી શક્તો હતો. આ ચિત્રકારની અનાયાસે રાજમહેલ તરફ નજર ગઇ અને નારીના પગને જોયો. કલાનિપુણ ચિત્રકારે પગના અંગૂઠા પરથી એ નારીનું સમગ્ર ચિત્ર દોર્યું. આ ચિત્ર બનાવતી વખતે પીંછીમાંથી રંગનું ટપકું એ ચિત્રિત યુવતીના સાથળ પર પડ્યું. ચિત્રકારે તરત જ તે લૂછી નાખ્યું. ફરી રંગપૂરણી કરવા જતાં ફરી વાર આવું બન્યું. ત્રીજી વાર પણ આવું થયું, ત્યારે ચિત્રકારે વિચાર્યું કે નક્કી એ નારીના આ અંગ પર આવું લાંછન હોવું જોઇએ. એમ હોય તો તે ભલે રહ્યું. આ ચિત્ર રાણી મૃગાવતીનું હતું અને એ લાંછન જોતાં રાજા કોપાયમાન થયો. આ ચિત્રકારે મૃગાવતીને શીલભ્રષ્ટ કરી હશે એમ માનીને એને તત્કાળ કેદ કર્યો. બીજા ચિત્રકારોએ રાજાને ચિત્રકારની દૈવી શક્તિનો ખ્યાલ આપવા છતાં રાજા શતાનીકે તેનો જમણો અંગૂઠો કાપી નાખ્યો. ગુસ્સે ભરાયેલા ચિત્રકારે સૌંદર્યવતી મૃગાવતીનું ચિત્ર ઉજ્જયિની નગરીના સ્ત્રીલોલુપ રાજા ચંડપ્રદ્યોતને મોકલ્યું.

રાજા ચંડપ્રદ્યોત ચડાઇ લઇને આવ્યો. રાજા શતાનીકનું મૃત્યુ થયું હોવાથી રાણી મૃગાવતી રાજકારભાર સંભાળતી હતી. એ સમયે પ્રભુ મહાવીર કૌશાબી નગરીમાં આવતાં રાજમાતા મૃગાવતી પોતાના પુત્ર બાળ ઉદયન સાથે ભગવાન મહાવીરના સમવસરણમાં ઉપદેશ શ્રવણ કરવા ગયાં. આ સમવસરણમાં ચંડપ્રદ્યોત પણ પોતાની અંગારવતી વગેરે

રાણીઓ સાથે પ્રભુનો ઉપદેશ સાંભળવા આવ્યો હતો. પ્રભુ મહાવીરે વૈરાગ્યયુક્ત માર્મિક દેશના આપી. દેશના સાંભળી મૃગાવતી તથા અનેક વ્યક્તિ દીક્ષિત થયા.

એક વાર સાધ્વી મૃગાવતી પ્રભુ મહાવીરની દેશના તન્મયતાથી સાંભળતા સંધ્યાકાળ થઇ ચૂક્યો, તેનો ખ્યાલ રહ્યો નહીં. ઉપાશ્રયે પાછા ફરવામાં મોડું થવાથી સાધ્વી મૃગાવતીને આચાર્યા ચંદનાએ ઠપકો આપ્યો. મૃગાવતીએ ક્ષમા માંગી. પશ્ચાતાપની પાવનગંગામાં સ્નાન કરતી સાધ્વી મૃગાવતીમાં શુભ ભાવના ઉદય પામી. ઘાતી કર્મોનો ક્ષય થતાં એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. રાત્રિના અંધકારમાં કાળવિષ સર્પ ચંદનાના સંથારા પાસેથી પસાર થતો હતો. મૃગાવતીએ દિવ્ય દૃષ્ટિથી ગહન અંધકારમાં આ વિષધર સર્પ જોયો અને સર્પના માર્ગમાં આડો પડેલો ચંદનાનો હાથ ખસેડી દીધો.

હસ્તસ્પર્શથી જાગૃત થયેલા આચાર્યા ચંદનાએ સફાળા જાગીને કારણ પૂછતાં મૃગાવતીએ ઘોર અંધકારમાં ખૂણામાં છુપાયેલા સર્પને બતાવીને વાત કરી. સંઘઆચાર્યા ચંદનાએ પૂછ્યું, "આ ગહન અંધકારમાં હાથની હથેળી દેખાતી નથી ત્યાં તમને કઇ રીતે સર્પ દેખાયો ?"

મૃગાવતીએ કહ્યું, "આપની કૃપાથી મને દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું છે. સાધ્વી ચંદનાએ મૃગાવતીને વિનયપૂર્વક નમસ્કાર કર્યા. ચંદનાના હૃદયમાં શુભ ભાવોનો પ્રાદુર્ભાવ થતાં એને પણ દિવ્ય જ્ઞાન સાંપડ્યું. મૃગાવતી જૈન ધર્મની પ્રાતઃસ્મરણીય સોળ સતીઓમાં સ્થાન પામે છે.

卐

## ૨૨ શ્રેષ્ઠ શ્રમણી શ્રી ભદ્રામાતા

### (વૈભવમાંથી સંયમગ્રહણ)

રાજગૃહી નગરના ધનાઢ્ય શેઠ શ્રી ગોભદ્રનાં પત્ની ભદ્રાને શાલિભદ્ર નામનો પુત્ર અને સુભદ્રા નામની પુત્રી હતી. પતિનું અકાળ મૃત્યુ થતાં તેમના પત્ની ભદ્રા પર બહોળા વ્યાપારના સંચાલનની અને સંતાનોના ઉછેરની બેવડી જવાબદારી આવી પડી. પોતાના પુત્ર શાલિભદ્રને માતૃસહજ વાત્સલ્યથી પ્રેરાઇને વેપારની આંટીઘૂંટીઓમાંથી બહાર રાખ્યો. ગોભદ્ર શેઠ મૃત્યુ પામીને દેવલોકમાં ગયા, પરંતુ પુત્રસ્નેહથી પ્રેરાઇને તેઓ રોજ નવ્વાણું પેટીઓમાં મૂલ્યવાન આભૂષણો અને કીમતી વસ્ત્રો મોકલતા હતા. માતાની વ્યાપારી કુનેહ અને પિતાની દૈવી સહાયથી શાલિભદ્રની આસપાસ સમૃદ્ધિનો સાગર ઊછળવા લાગ્યો.

એક વાર રાજા શ્રેણિક ભદ્રામાતાને ત્યાં આવ્યા અને શાલિભદ્રે જાણ્યું કે શ્રેણિક રાજા તો એમના નાથ કહેવાય, ત્યારે અઢળક ધન સમૃદ્ધિ વચ્ચે જીવતા શાલિભદ્રને લાચારીનો અસહ્ય અનુભવ થયો. શાલિભદ્ર પોતાને સ્વામી માનતો હતો, પરંતુ રાજાના આગમને એને પોતાના પરાવલંબીપણાનો અનુભવ થતાં એણે તમામ ભૌતિક સમૃદ્ધિ છોડીને વૈરાગ્યના એકલવાયા પંથે ચાલવાનું નક્કી કર્યું. ભગવાન મહાવીરનું રાજગૃહી નગરમાં આગમન થતાં શાલિભદ્ર અને તેના બનેવી ધન્ના શેઠે દીક્ષા ગ્રહણ કરી. માતા ભદ્ર અને શાલિભદ્રની પત્નીઓ પણ સાધનાપૂર્ણ જીવન વ્યતીત કરતા હતાં. આમ એક સમયે જ્યાં રાગનો અબીલ-ગુલાલ ઊછળતો હતો, ત્યાં ત્યાગની સુવાસ પથરાઇ ગઇ.

થોડાક સમય બાદ ભગવાન મહાવીર રાજગૃહી નગરમાં પુનઃ

પધાર્યા. એમની સાથે મુનિ શાલિભદ્ર પણ હતા. આખુંય નગર ભગવાન મહાવીરના આગમનના સમાચાર સાંભળીને એમના દર્શનાર્થે આતુર બન્યું હતું, ત્યારે ભદ્રામાતાની પ્રભુદર્શનની ઉત્કંઠા કેવી હશે, તે કલ્પી શકાય. ભદ્રામાતા સ્વયં પ્રભુના દર્શને જવાની તૈયારી કરતાં હતાં. આથી ઘરના બારણે ગોચરી માટે આવેલા અત્યંત કૃશ એવા મુનિ શાલિભદ્રને એ ઓળખી શક્યાં નહીં અને સાધુ તરફ વિશેષ ધ્યાન આપ્યું નહીં. પરિણામે શાલિભદ્રને આહાર લીધા વિના જ પાછુ ફરવું પડ્યું. વળતાં એક ગોવાલણે મુનિ શાલિભદ્રને ભક્તિભાવથી દહીં વહોરાવીને પારણું કરાવ્યું. મુનિ શાલિભદ્ર ભગવાન મહાવીર પાસે આવ્યા અને તેમની આજ્ઞા લઈને રાજગૃહી નગરીના એક પહાડ પર જઈને સંલેખનાવ્રત ધારણ કર્યું.

ભગવાન મહાવીરના સમવસરણમાં આવેલાં ભદ્રામાતા અને તેમના પરિવારને સાધુ શાલિભદ્રની ગોચરીથી માંડીને સંલેખના સુધીની તમામ ઘટનાઓ ભગવાનને કહી સંભળાવી. ભદ્રામાતાનું વાત્સલ્ય અસહ્ય વેદનાથી ખળભળી ઊઠ્યું. એ તત્કાળ પર્વત પર પુત્રના દર્શનાર્થે દોડી ગયાં. ઉગ્ર તપશ્ચર્યાથી પુત્રની કૃશ બનેલી કાયા અને ઉગ્ર સાધનામય જીવન જોઈને માતૃહૃદય આકુળ-વ્યાકુળ થઈ જતાં ભદ્રામાતા મૂર્છિત થયાં. આ સમયે અહીં ઉપસ્થિત સમ્રાટ શ્રેણિકે ભદ્રામાતાને આશ્વાસન આપ્યું. ધર્મની મંગલ ભાવનાઓમાં ચિત્ત ડુબાડવા કહ્યું. ભદ્રામાતાએ પોતાના જીવન તરફ દૃષ્ટિપાત કર્યો અને એમને પણ વૈભવ છોડીને પોતાની પુત્રવધુઓ સાથે સંયમ-માર્ગનો સ્વીકાર કર્યો.

卐

# ૨૩ શ્રેષ્ઠ શ્રમણી શ્રી આર્યા પોઇણી
## (જૈન આગમોના પ્રકાંડ અભ્યાસી)

જૈન ધર્મની આગવી વિશેષતા એ છે કે એમાં સાધુની સાથે સાધ્વીને સમાદરપૂર્વક મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. જૈન સાધ્વીસંઘ પર દૃષ્ટિપાત કરીએ તો ખ્યાલ આવશે કે કોઇ પણ પ્રકારના ભેદભાવની સંકુચિત દીવાલો વિના તમામ જાતિ, વર્ગ અને વર્ણની મહિલાઓને આધ્યાત્મિક સાધના માટે આમાં પ્રવેશ સાંપડ્યો છે.

પ્રાકૃત ભાષાના 'પોઇળી' શબ્દનું સંસ્કૃત રૂપાંતર છે 'પોઇણી' આ પોતિનીનો અર્થ છે જહાજ ધરાવનારી. આર્યા પોઇણીએ જ્ઞાનમાર્ગના યાત્રાપ્રવાસની નૌકાથી ધર્માનુરાગી ભાવિકજનોને ભવસમુદ્ર પાર કરવામાં સહાય કરી હતી.

વીર નિર્વાણની ચોથી સદીમાં થયેલી આર્યા પોઇણી એમની બહુશ્રુતતા, આચારશુદ્ધિ અને નેતૃત્વના ગુણને કારણે જૈનશાસનમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આર્યા પોઇણીનું જીવન દર્શાવે છે કે જનમાનસમાં ધર્મભાવના જાગૃત કરવા માટે અને પ્રગટેલી ધર્મભાવનાને પ્રેરવા-પોષવા માટે જૈન સાધ્વીઓએ જૈન સાધુઓની માફક શ્રદ્ધા, સાધના અને સાહસ સાથે દેશના વિભિન્ન પ્રદેશોમાં પગપાળા વિહાર કરીને આધ્યાત્મિક ચેતના જગાવી હતી.

ઇતિહાસનાં પૃષ્ઠો પર ભગવાન મહાવીરના નિર્વાણની ચતુર્થ શતાબ્દીના પ્રથમ ચરણમાં વાચનાચાર્ય બલિસ્સહજીના સમયમાં સાધ્વી-પ્રમુખા તરીકે આર્યા પોઇણી હતાં. કલિંગના ચક્રવર્તી મહાવેઘવાહન ખારવેલના સમયમાં જૈન ઇતિહાસની એક મહાન ઘટના સર્જાઇ.

કલિંગના રાજવી ખારવેલને ખબર પડી કે પાટલીપુત્રના રાજવી પુષ્યમિત્ર જૈનો પર ઘોર અત્યાચાર આચરી રહ્યાં છે. પોતાના રાજ્યશાસનના આઠમા વર્ષે ખારવેલે પાટલિપુત્ર પર ચડાઇ કરી અને પુષ્યમિત્રે શરણાગતિ સ્વીકારીને જૈનધર્મીઓ પર અત્યાચાર નહીં કરવાની પ્રતિજ્ઞા કરીને રાજવી ખારવેલ સાથે સંધિ કરી, પરંતુ થોડા સમય બાદ પુષ્યમિત્રે પુનઃ અત્યાચારોનો આરંભ કરતાં ચાર વર્ષ બાદ વિશાળ સેના સાથે ખારવેલે પાટલિપુત્ર પર આક્રમણ કરીને વિજય મેળવ્યો. ભારતીય ઈતિહાસમાં રાજવી ખારવેલ જેવી અપ્રતિમ વીરતા, અદ્ભુત સાહસ, ધર્મ પ્રત્યેની પ્રગાઢ નિષ્ઠા અને અનુપમ સાધર્મી વાત્સલ્ય ધરાવતો જૈન રાજવી વિરલ છે એ પછી આ મહાસમર્થ રાજવીએ કુમારગિરિ નામના પર્વત પર ચતુર્વિધ સંઘને એકત્ર કરીને આગમ સાહિત્યને સુરક્ષિત અને વ્યવસ્થિત કરવા માટે દ્વિતીય આગમવાચનના પરિષદનું આયોજન કર્યું.

આ પરિષદમાં સાધ્વી-પ્રમુખા આર્યા પોઈણીના નેતૃત્વમાં ત્રણસો વિદુષી સાધ્વીઓએ ભાગ લીધો. આગમમર્મજ્ઞ, પ્રતિભાસંપન્ન અને પ્રકાંડ વિદુષી આર્યા પોઈણીએ આગમપાઠને નિશ્ચિત કરવામાં સહાય કરી. સાધ્વી પોઈણી વિદુષી, આચારનિષ્ઠ અને સંઘસંચાલનમાં કુશળ એવા સાધ્વી હતાં. આ સમયે વિહાર કરીને સાધ્વી પોઈણી જનમાનસમાં આધ્યાત્મચેતના જગાડતાં હતાં તેમજ ધર્મપ્રસારના કાર્યોમાં સંઘને સહાયતા કરતાં હતાં.

ઈતિહાસમાં આર્યા પોઈણીના કુળ, વય, શિક્ષા, દીક્ષા કે સાધના વિશે વિસ્તૃત વિવરણ ઉપલબ્ધ નથી. પરંતુ પ્રાંપ્ત કથાનકોના આધાર પર સાધ્વી યક્ષા પછી આર્યા પોઈણીનું સાધ્વી સંઘમાં પ્રમુખ અને ગૌરવભર્યું સ્થાન હતું.

卐

# ૨૪ શ્રેષ્ઠ શ્રમણી શ્રી નર્મદાસુંદરી

## (ઉગ્રતપથી અવધિજ્ઞાન)

સ્ત્રીઓની ચોસઠ કલાની અધિષ્ઠાત્રી નર્મદાસુંદરીનાં લગ્ન મહેશ્વરદત્ત સાથે થયાં. એક વાર ગોખમાં ઊભેલી નર્મદાસુંદરીએ ચાવેલા પાનની પિચકારી લગાવી તો નીચે પસાર થતા મુનિરાજના મસ્તક પર પડી. મુનિએ ઊંચે જોયું અને એને કહ્યું કે મુનિની કરેલી આશાતનાથી તારે પતિનો વિયોગ સહેવો પડશે. પોતાની ભૂલ સમજાતાં નર્મદાસુંદરી નીચે આવી અને મુનિરાજના પગમાં પડીને કરગરવા લાગી કે, "આપ તો સાધુ છો, સમતાના સાગર અને ક્ષમાના ભંડાર છો. તો મારાં જેવી અજાણતાં ભૂલ કરનારી અજાણી નારીને ક્ષમા નહીં કરો ? આપ સાધુ થઇને આવો શાપ ન આપો તેવી મારી વિનંતી છે."

જ્ઞાની મુનિએ કહ્યું, "અમે કંઇ તને શાપ આપ્યો નથી, પરંતુ તારા પૂર્વકર્મના ઉદયનો વિપાક જોઇને કહ્યું છે. જૈન મુનિ શાપ ન આપે, પરંતુ જે કર્મ ભોગવવાનાં છે તેની જ આ વાત છે."

એક વાર રાત્રે દરિયાઇ દ્વીપમાંથી સંગીતના મધુર સૂરો સંભળાતાં મહેશ્વરદત્તે કહ્યું, "ગાનાર સંગીતકલામાં ખૂબ પ્રવીણ હોવો જોઇએ. નર્મદાસુંદરી અનેક કલાઓની જાણકાર હતી. સંગીતશાસ્ત્રના અભ્યાસ સાથે સ્વરશાસ્ત્રનો ઊંડો અભ્યાસ હતો. માત્ર સ્વર સાંભળીને એ ગાનારનું હૂબહૂ વર્ણન કરી શકતી હતી. આથી નર્મદાસુંદરીએ કહ્યું." "ગાનાર ગાયનમાં કુશળ છે, પરંતુ તે કાળો છે. તેના હાથ સ્થૂળ છે અને કેશ કરકરા છે. એ વિશાળ છાતી ધરાવતો બત્રીસ વર્ષનો યુવાન છે."

નર્મદાસુંદરીએ ગાનારના કરેલા સૂક્ષ્મ વર્ણન પરથી એના પતિના મનમાં અનેક આશંકાઓ થવા લાગી. પરપુરુષ વિશે આટલી ઊંડી જાણકારી કઇ રીતે હોય ? આમ વિચારી એણે નર્મદાસુંદરીનો ત્યાગ કરવાનું નક્કી કર્યું. પાછા ફર્યા બાદ મહેશ્વરદત્તે માતા-પિતાને નર્મદાસુંદરીના મૃત્યુના સમાચાર આપ્યા અને એની પાછળ પ્રેતકાર્ય કર્યું.

રાક્ષસદ્વીપમાં જાગેલી નર્મદાસુંદરીને માથે આફતોનો પાર નહોતો. એ કારમું આક્રંદ કરવા લાગી અને ધર્મનું શરણ લઇને દિવસો વ્યતીત કરવા લાગી. એના કાકા વીરદાસ એને અહીંથી લઇ ગયા. પરંતુ નર્મદાસુંદરી વેશ્યાના હાથમાં ફસાઇ ગઇ. અહીં ધાકધમકી અને મારપીટ થવા છતાં એ લેશમાત્ર ચલિત ન થઇ. એ વેશ્યાનું મૃત્યુ થતાં રાજાએ એનું સ્થાન લેવા નર્મદાસુંદરીને રાજસભામાં બોલાવી. આ સમયે પોતાના શીલનું પાલન કરવા માટે નર્મદાસુંદરીએ એકાએક પાલખીમાંથી ખાળમાં પડતું મૂક્યું. ગમે તેમ અસભ્ય બોલવા લાગી. પાગલની માફક વર્તવા લાગી. પોતાનું વસ્ત્ર ફાડી નાખવા લાગી. આથી લોકોએ એને પાગલ કે પિશાચિની માનીને છોડી દીધી. રાજા પણ આ વાત ભૂલી ગયા. નર્મદાસુંદરી એનાં માતા-પિતાને ત્યાં પહોંચી અને સુખેથી રહેવા લાગી.

એક વાર આર્ય સુહસ્તિસૂરિજીને નર્મદાસુંદરીએ પોતાનો પૂર્વજન્મ પૂછ્યો ત્યારે જ્ઞાનના સાગરસમા આચાર્ય સુહસ્તસૂરિજીએ કહ્યું, "પૂર્વજન્મમાં નર્મદા નદીની અધિષ્ઠાત્રી નર્મદાદેવી તરીકે તે કાંઠે રહેલા મુનિને ઘણા ઉપસર્ગો કર્યા હતા." આમ જાતિસ્મરણજ્ઞાન થતાં નર્મદાસુંદરીએ દીક્ષા લીધી અને તેને ઉગ્ર તપશ્ચર્યા બાદ અવધિજ્ઞાન સાંપડ્યું.

卐

## પ્રકાશિત થયેલી પુસ્તિકાઓ

(૧) ચાલો ચૈત્યવંદન કરીએ

(૨) ચોવીસ તીર્થંકર પરિચય

(૩) શ્રી પંચસૂત્ર પ્રથમસૂત્ર

(૪) તીર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજ વંદના

(૫) જૈન સુશ્રાવક વંદના

(૬) જૈન સુશ્રાવિકા વંદના

(૭) શ્રેષ્ઠ સુશ્રમણ વંદન

(૮) શ્રેષ્ઠ સુશ્રમણી વંદ

(૯) શ્રી ભક્તામર સ્તો

(૧૦) તમામ પાપ-દોષોની


મંગળ-લીલા પ્રકાશન, અમદાવાદ.

ફોન : ૨૬૬૧૦૪૯૩